RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 108* Date: 06.02.2023, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભાજપ પદયાત્રાથી ૧ કરોડ ખેડૂતો સુધી પહોંચશે,

## ભારત જોડો યાત્રા બાદ કોંગ્રેસ હાથ સે હાથ જોડો અભિયાન ચલાવી રહી છે



નવીદિલ્હી,તા.૫

ભાજપ પદયાત્રાથી ૧ કરોડ ખેડૂતો સુધી પહોંચશે, ભારત જોડો યાત્રા બાદ કોંગ્રેસ હાથ સે હાથ જોડો અભિયાન ચલાવી રહી છેનવીદુલ્દૂીઆગામી વિધાનસભા ચૂંટણી અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષોએ દેશના દરેક ખૂણાં સુધી પહોંચવાની તૈયારીઓ કરી લીધી છે. ભારત જોડો યાત્રા પૂરી કરનાર કોંગ્રેસ હવે હાથ સે હાથ જોડો અભિયાન ચલાવી રહી છે. તો, ભાજપ બજેટની જાહેરાતોના વ્યાપક પ્રચાર માટે દેશભરમાં કાર્યક્રમોનું આયોજન કરી રહી છે.

આ ક્રમમાં, ખેડૂતોને બજેટની જાહેરાતો પહોંચાડવા અને તેમની પકડ મજબૂત કરવા માટે ભાજપ ૨૪ ફેબ્રુઆરીથી દેશવ્યાપી અભિયાન શરૂ કરશે. વર્ષભર ચાલનારી ઝુંબેશમાં એક લાખ ગામડાઓમાં પદયાત્રા કરીને એક કરોડ ખેડૂતો સુધી પહોંચવાનું લક્ષ્ય છે.

બીજેપી કિસાન મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજકુમાર ચાહરે કહ્યું હતું કે 'બજેટમાં સરકારે ઓર્ગેનિક ખેતી અને શ્રીઅન્ન (મોટા અનાજ) પર ઘણું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બજેટની જાહેરાતોને ખેડૂતો સુધી પહોંચાડવા માટે ૬થી ૧૨ ફેબ્રુઆરી સુધી દેશભરમાં કિસાન ચૌપાલ યોજાશે.'૧૩ ફેબ્રુઆરીએ દિલ્હીમાં કિસાન મોરચા, સોશિયલ મીડિયા અને પ્રાકૃતિક ખેતી સંબંધિત ટીમની ટ્રેનિંગ આપવામાં આવશે. રાજ્યોમાં પણ ટ્રેનિંગ પૂરી થયા પછી એક લાખ ગામડાઓમાં જનજાગૃતિ યાત્રા કાઢવામાં આવશે. કિસાન સન્માન નિધિના ચાર વર્ષ પૂરા થવા પર ૨૪ ફેબ્રુઆરીએ તમામ જિલ્લાઓમાં લાભાર્થીઓ સાથે સંવાદ અને સંપર્ક કરવામાં આવશે. નદીના કિનારે ખેડૂતોને ઓર્ગેનિક ખેતી સાથે જોડવા માટે અભિયાન ચલાવવામાં આવશે.

તમામ મુખ્ય નદીના કિનારે પદયાત્રાઓ કાઢવામાં આવશે. આ મહિનાના અંત સુધીમાં અથવા માર્ચના પહેલા અઠવાડિયામાં યુપીના મુઝફ્ફરનગરના શુક્તાલ ખાતે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્રીય કૃષિ પ્રધાન નરેન્દ્ર સિંહ તોમરથી આની શરૂઆત કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ૨૯-૩૦ જાન્યુઆરીએ કર્ણાટકમાં આયોજિત કિસાન મોરચાની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં આ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું કે મિશન ૨૦૨૪ માટે ખેડૂતો સુધી સક્રિયપણે પહોંચવું જરૂરી છે.

વારાણસીમાં તાજેતરમાં પૂરા થયેલા તમિલ સંગમમ કાર્યક્રમ પર, ભાજપ ઉત્તર ભારતના કાર્યકરો અને નેતાઓને દક્ષિણના પ્રખ્યાત સ્થળો પર લઈ જશે. જેમાં ભાજપના નેતાઓ સાંસ્કૃતિક, ધાર્મિક અને સ્થાપત્ય માટે પ્રખ્યાત સ્થળોની મુલાકાત લેશે. ત્યાં તે સ્થાનિક લોકો સાથે વાર્તાલાપ કરશે, યાત્રા કરશે અને ધાર્મિક સ્થળોએ પૂજા કરશે. તેમનો હેતુ ઉત્તર અને દક્ષિણ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવાનો છે.

અભિનેતામાંથી રાજકારણી બનેલા પવન કલ્યાણની જનસેના અને ટીડીપી આંધ્રપ્રદેશમાં જગનમોહન રેડ્ડીને પડકારવા માટે એકસાથે આવી છે. પવન કલ્યાણે પ્રદેશની યાત્રા પૂરી કરી દીધી છે. તેઓ ઈચ્છે છે કે ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની ટીડીપી એનડીએમાં પાછા આવે, જો કે ભાજપ આ અંગે કંઈ કહી રહ્યું નથી. બીજી તરફ ટીડીપીના મહાસચિવ અને નાયડુના પુત્ર નારા લોકેશે ૪,૦૦૦ કિલોમીટર લાંબી યુવા ગલમ યાત્રા કાઢી છે. આ યાત્રા ૮માં દિવસે શુક્રવારે બંગારુપલયમ પહોંચી હતી. જ્યાં પોલીસે તેનું વાહન પણ જપ્ત કર્યું હતું.

ભારત જોડો યાત્રા બાદ કોંગ્રેસ હાથ સે હાથ જોડો અભિયાન ચલાવી રહી છે. કોંગ્રેસ મીડિયા સેલના પ્રમુખ પવન ખેરાએ કહ્યું હતું કે આ અભિયાનમાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ એક પેજની ચાર્જશીટ લોકોને મોકલવામાં આવી રહી છે. ૧૧ જાન્યુઆરીથી શરૂ થયેલી પ્રજાધ્વનિ યાત્રાનો પહેલો તબક્કો કર્ણાટકમાં પૂર્ણ થયો છે.

શુક્રવારે પ્રદેશ અધ્યક્ષ ડીકે શિવકુમારે મુલબાગલથી અને પૂર્વ મુખ્યમંત્રી સદ્ધારમૈયાએ ઉત્તર કર્ણાટકના બસવકલ્યાણથી યાત્રાની શરૂઆત કરી હતી. તેલંગાણા કોંગ્રેસના પ્રમુખ એ. રેવંત રેડ્ડી સોમવારથી યાત્રા શરૂ કરશે.

કર્ણાટકમાં પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા અને મુખ્યમંત્રી બસવરાજ બોમાઈના નેતૃત્વમાં ભાજપ જનસ્પંદન યાત્રા કાઢી રહી છે. અત્યારસુધી બન્ને નેતાઓએ ૬ જિલ્લા કવર કર્યા છે. કર્ણાટકના પૂર્વ 'ખુખ્યમંત્રી અને જેડીએસના પ્રદેશ અધ્યક્ષ એચડી કુમારસ્વામી જાન્યુઆરીથી પંચરત્ન રથયાત્રા પર છે. બે દિવસ પહેલા તેમની યાત્રા દાવણગેરે પહોંચી હતી.

તેલંગાણાના ઝ્રસ્ કેસીઆરે પાર્ટીને રાષ્ટ્રીય નામ આપીને રાજકીય મહત્વકાંક્ષા વ્યક્ત કરી છે. બીજી તરફ, આંધ્રપ્રદેશના ઝ્રસ્ જગનમોહન રેડ્ડીની બહેન શર્મિલા રેડ્ડીએ ૨ ફેબ્રુઆરીથી તેલંગાણામાં પ્રજા પ્રસ્થાનમ પદયાત્રાના બીજા તબક્કાની શરૂઆત કરી છે. તો, ભાજપ રાજ્યમાં કેસીઆર વિરુદ્ધ ૧૦ પ્રદેશોમાં ૧૧,૫૦૦ સભાઓ કરશે.

## ભગવાન જગન્નાથના નવા રથની તૈયારીઓ પૂરજોશમાં, રથનો પણ અભ્યાસ કરાયો

અમદાવાદ,તા.૫

અમદાવાદમાં આ વર્ષે નીકળનારી રથયાત્રામાં ભગવાન નવા રથ ઉપર બિરાજમાન થઈ નગરચર્યાએ નીકળશે. રથયાત્રાને તો હજી વાર છે, પંરતું નવા રથ બનાવવાની તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે. રથનું મોટાભાગનું સ્ટ્રક્ચર બનીને તૈયાર થઈ ગયું છે. ભગવાન શ્રી જગન્નાથ, તેમના ભાઈ બલભદ્ર અને લાડકી બહેન શુભદ્રાના રથનું કામકાજ ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે. આ રથ વલસાડી સાગમાંથી તો રથના પૈડાં સીસમના લાકડામાંથી તૈયાર કરવામાં આવી રહ્યાં છે. રથની ડિઝાઈન માટે જગન્નાથ મંદિરના ટ્રસ્ટી અને મહન્ત પુરી જઈ ત્યાંના રથનો પણ અભ્યાસ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, જૂના રથ જીર્ણ થઈ ગયા હોવાથી ભગવાન માટે હવે નવા રથ બનાવવાની જરૂર પડી છે.



અષાઢી બીજનો પર્વ એટલે ભગવાન જગન્નાથનો દિવસ જ્યારે ભાઈ બલરામ બહેન સુભદ્રા સાથે ભગવાન જગન્નાથ સાથે નગરચર્યા પર નીકળે છે, ઓડિશાના પુરીમાં આવેલ જગન્નાથ મંદિર વિશ્વવિખ્યાત છે. હિન્દુ ધર્મના પવિત્ર ચારધામ તીર્થમાંથી એક છે જગન્નાથપુરી. જગન્નાથ પુરીમાં ભગવાન વિષ્ણુના અવતારમાં કૃષ્ણ મંદિર આવેલું છે. પુરીમાં આવેલા જગન્નાથ મંદિરમાં દર વર્ષે લાખો ભક્તો દર્શન માટે આવતા હોય છે. ભારતમાં પુરીમાં સૌથી મોટી રથયાત્રા નીકળે છે. ત્યારબાદ અમદાવાદની રથયાત્રા સૌથી મોટી રથયાત્રા કહેવાય છે.

જેઠ સુદ પૂનમ એટલે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો વિધિવત્ પ્રારંભ થાય છે. ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા તો અષાઢી બીજના રોજ નીકળે છે, પરંતુ જેઠ સુદ પૂનમે યોજાતો જળયાત્રા મહોત્સવ રથયાત્રાનું સૌપ્રથમ ચરણ છે. ભગવાન જગન્નાથજીની ૧૨ યાત્રાઓ પૈકીની મુખ્ય યાત્રા એવી જળયાત્રાને ખૂબ ધામધૂમથી ઊજવાય છે. સતયુગમાં બદ્રીનાથજી, ત્રેતાયુગમાં રામેશ્વર, દ્વાપરયુગમાં દ્વારકાધીશ તેમ જ કળીયુગમાં જગન્નાથજીનો મહિમા અપરંપાર છે.રથયાત્રામાં મહોત્સવ ૧૦ દિવસનો હોય છે, આ પર્વ શુક્લપક્ષની અગિયારસના દિવસે પૂર્ણ થાય છે. આ દસ દિવસના ગાળામાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડે છે. ત્રણેય રથને ભવ્ય રીતે સજાવવામાં આવે છે. ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને રથોમાં બેસાડીને ગુંડીચા મંદિર લઈ જવામાં આવે છે. મહિનાઓ પહેલાથી ભવ્ય રથયાત્રાની તૈયારીઓ શરૂ કરી દેવાય છે.

લોક વાયકા પ્રમાણે દ્વારકામાં ભગવાન કૃષ્ણની રાણીઓ બલરામના માતા રોહિણીને કૃષ્ણ ભગવાનની રાસલીલા કહેવા માટે કહે છે, પહેલા તો માતા રોહિણી માનતા નથી પરંતું રાણીઓની ઘણી વિનંતી બાદ તેઓ માની જાય છે. તે વખતે કૃષ્ણના બહેન સુભદ્રા ત્યા હાજર હતા, ભાઈની રાસલીલા વિશેની વાતચીત બહેન આગળ થાય તેવું રોહિણીને યોગ્ય ન લાગ્યું. તે સમયે રોહિણી સુભદ્રાને બહાર ભગવાન કૃષ્ણ અને બલરામ સાથે નગરચર્યા માટે મોકલી દે છે. ત્રણેય ભાઈ-બહેન જ્યારે નગરચર્યામાં નીકળે છે તે સમયે નારદમુનિ પ્રગટ થાય છે, ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહે સુભદ્રાને એકસાથે જોઈ નારદમુનિ પ્રસન્ન થઈ જાય છે. નારદમુનિ પ્રાર્થના કરે છે કે દર વર્ષે આ રીતે જ ત્રણેયના દર્શન થાય. નારદમુનિની નિર્દોષ પ્રાર્થના ફળી જાય છે અને ત્યારથી ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે.

## કચ્છમાં ફરી એક વખત ધરા ધ્રુજીઃ ભચાઉમાં ૩.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા

ભુજ,તા.૫

કચ્છમાં ફરી એક વખત ધરતી ધ્રુજી છે. કચ્છના ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૧ નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૨૬ કિમી દૂર નોંધાયુ હતું. સવારે ૧૧:૧૧ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ અગાઉ ૩૦ જાન્યુઆરીના રોજ એક જ કલાકની અંદર ભૂકંપના બે આંચકા અવનુભવાયા હતા. દુધઈ પાસે સવારે ૬.૩૮ કલાકે ૪.૫ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો.

### ચાઈનીઝ એપ પર ભારત સરકારની મોટી કાર્યવાહી

## ૧૩૮ સટ્ટાબાજ અને ૯૪ લોન એપ પર પ્રતિબંધ લગાવ્યો,સ્પેસ પ્રોવાઈડરની તપાસ થશે

નવીદિલ્હી,તા.૫

ચીની લિંકવાળી સટ્ટાબાજ અને લોન આપનારી એપ્સ વિરુદ્ધ એક મોટી એક્શન લેતા કેન્દ્ર સરકારે ૧૩૮ સટ્ટાબાજ એપ્લ અને ૯૪ લોન આપનારી એપ્સને તાત્કાલિક બેન અને બ્લોક કરવાનું શરુ કરી દીધું છે. જાણકારીને સૂત્રોએ પુષ્ટિ કરી છે કે, ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રોદ્યોગિકી મંત્રાલયે આ અઠવાડીયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આવા એપ્સને બ્લોક કરવાનો નિર્દેશ મળ્યો. સૂત્રોએ આ પણ પુષ્ટિ કરી કે, મંત્રાલયે આ એપ્સને બ્લોક કરવાની પ્રક્રિયા શરુ કરી દીધી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે છ મહિના પહેલા ૨૮ ચીની લોન આપતી એપની તપાસ શરુ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે, આવા ૯૪ એપ ઈ સ્ટોર પર આવેલા છે અને કોઈ અન્ય ત્રીજા પક્ષ સાથે લિંક દ્વારા કામ કરી રહ્યા છે. સૂત્રોએ ન્યૂઝ ૧૮ને જણાવ્યું છે કે, મોટા પાયે લોનમાં લોકોને ફસાવવા માટે જાળ પાથરીને આ એપ્સ જાસૂસી અને પ્રોપેગેન્ડાના હથિયાર તરીકે ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત ભારતીય નાગરિકોના ડેટાની સુરક્ષાને ખતરો પણ હોય શકે છે. સૂત્રોએ કહ્યું કે, તેલંગણા, ઓડિશા અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યો સાથે સાથે કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ કેન્દ્રીય ગૃહમંત્રાલયે આ એપ્સ વિરુદ્ધ કાર્યવાહી કરવાનું કહ્યું હતું.

તપાસકર્તાઓને જાણવા મળ્યું છે કે, સર્વર સાઈડ સિક્યોરિટીનો દુરુપયોગ કરીને આ એપ્સને જાસૂસી ઉપકરણોમાં બદલવાની ક્ષમતા છે. કારણ કે આ એપ્સની પાસે ભારતીયોના મહત્વના ડેટા સુધી પહોંચ છે. આવા ડેટા સુધી પહોંચવાનો ઉપયોગ મોટા પાયે દેખરેખ માટે થાય છે. બેન કરવામાં આવેલા લગભગ તમામ એપ ચીની નાગરિકોએ તૈયાર કર્યા હતા. જેમણે ભારતીયોને કામ પર રાખ્યા અને તેમને કામકાજને જવાબદારી સોંપી. લોકોને લોન આપવા માટે લલચાવ્યા બાદ તેમને વાર્ષિક વ્યાજ ૩,૦૦૦ ટકા વધારી દીધું. જ્યેર લોન લો દૂર વ્યાજ ચુકાવવામાં નાકામ રહ્યા તો, આ એપ્સે લોકોને પરેશાન કરવાનું શરુ કર્યું.

તેમાંથી કેટલાય એપ્લ હવે સ્માર્ટફોન પર ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ નથી. પણ સૂત્રોનું કહેવું છે કે, સટ્ટાબાજ આ એપ અને ગેમ સ્વતંત્ર લિંક અથવા વેબસાઈટ દ્વારા ડાઉનલોડ કરી શકાય છે. ત્યાં સુધી કે, સીધા ઓનલાઈન અથવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ તેને રમી શકાય છે. તેમાંથી અમુક તો ચુકવણી માટે ક્રિપ્ટોકરન્સી પણ કબૂલ કરે છે. સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી એડવાયઝરીમાં કહેવાયું છે કે, દેશના મોટા ભાગના હિસ્સામાં સટ્ટાબાજી અને જુગાર ગેરકાયદેસર છે. એટલા માટે આ સટ્ટાબાજી પ્લેટફોર્મની સાથે સાથે તેમને સરોગેટ્સની જાહેરાત પણ ગ્રાહક સંરક્ષણ અધિનિયમ ૨૦૧૯, કેબલ ટીવી નેટવર્ક વિનિયન અધિનિયમ ૧૯૯૫ અને આઈટી નિયમ ૨૦૨૧ અંતર્ગત ગેરકાયદેસર છે.

## તાજમહેલ જોયા બાદ એક જ પરિવારના ૭ લોકોના મોત, માત્ર એક બાળક રહ્યું જીવતું

આગ્રા,તા.૫

તાજમહેલ જોઈને આગ્રાથી પરત ફરતી વખતે ઉન્નાવમાં માર્ગ અકસ્માતમાં બારાબંકીના ૭ લોકોના મોત થયા હતા. જ્યાં મૃતકોમાં એક જ પરિવારના ચાર લોકો સામેલ છે, જ્યારે અન્ય ત્રણ લોકો તેના સાસરિયા પક્ષના હતા. એક જ પરિવારના ચાર લોકોના મોત બાદ મૃતદેહ ગામમાં પહોંચતા શોકનો માહોલ સર્જાયો હતો. હવે આ પરિવારમાં માત્ર એક ઘાયલ નિર્દોષ બચ્યો છે.

ઉન્નાવમાં પોસ્ટમોર્ટમ બાદ, શનિવારે જ્યારે ત્રણેય મૃતદેહો બસૌલી પહોંચ્યા હતા, ત્યારે પિતા અને અન્ય સંબંધીઓ આઘાતથી બેહોશ થઈ ગયા હતા. દિનેશના પરિવારમાં કુલ ૫ લોકો હતા, જેમાં માત્ર એક જ માસૂમ બાળક ઈજાગ્રસ્ત હાલતમાં બચી ગયો હતો, જ્યારે તેની સાસુ અને બે ભાભી પણ અકસ્માતનો ભોગ બન્યા હતા. આ તમામ લોકો આગ્રામાં તાજમહેલ જોઈને પોતાની એસયુવીથી બારાબંકી પરત ફરી રહ્યા હતા, ત્યારે ઉન્નાવ પાસે ટાયર ફાટવાના કારણે આ માર્ગ અકસ્માત થયો હતો.

જણાવી દઈએ કે, ભારતીય જનતા પાર્ટીના પછાત વર્ગના પૂર્વ જિલ્લા અધ્યક્ષ રામખેલવાન લોધીના ચાર પુત્રોમાંનો બીજો પુત્ર દિનેશ રાજપૂત તેની પત્ની અને ત્રણ બાળકો સાથે શહેરના ચિત્રગુપ્ત નગર કોલોનીમાં રહેતો હતો. દિનેશ શહેરમાં જ હાર્ડવેરની દુકાન ચલાવતો હતો.૩૧ જાન્યુઆરીએ દિનેશ પત્ની અનિતા સિંહ (૩૪ વર્ષ), પુત્રી ગૌરી ઉર્ફે સંસ્કૃતિ (૯ વર્ષ), પુત્રોમાં આર્યન (૪ વર્ષ) અને લક્ષ્યવીર (૧૦ મહિના), સાસુ કાંતિ (૫૨ વર્ષ), સાળી પ્રીતિ (૧૫ વર્ષ) અને પ્રિયા (૯ વર્ષ) તેની કારમાં આગ્રા ફરવા ગયા હતા. તાજમહેલ જોયા પછી બધા શુક્રવારે કારમાં બારાબંકી પરત ફરી રહ્યા હતા. કાર દિનેશ રાજપૂત ચલાવી રહ્યો હતો.

આગ્રાથી બારાબંકી પરત ફરતી વખતે ઉન્નાવમાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં કારમાં સવાર આઠમાંથી સાત લોકોના મોત થયા છે.

જેમાં મોહમ્મદપુર ખાલા પોલીસ સ્ટેશન વિસ્તારના બસૌલી ગામના એક જ પરિવારના ચાર લોકોના મોત બાદ ગામમાં કરૂણ દ્રશ્યો સર્જાયા હતા.

## વિશ્વની સૌથી વ્યસ્ત કોર્ટમાં ભારતની સુપ્રીમ કોર્ટનો સમાવેશ, સિંગાપુરના મુખ્ય ન્યાયાધીશે કહી મોટી વાત

નવીદિલ્હી,તા.૫

સિંગાપુરના મુખ્ય ન્યાયાધીશ સુંદરેશ મેનને ભારતની સુપ્રીમ કોર્ટની ૭૨મી વર્ષગાંઠના સમારંભમાં સામેલ થવા માટે પહોંચ્યા હતા. તેમણે આ અવસર પર બદલાતી દુનિયામાં ન્યાયાપાલિકાની ભૂમિકા પર એક વ્યાખ્યાયન આપ્યું અને કહ્યું કે, આ કેસલોડના કારમે દુનિયાની સૌથી વ્યસ્ત કોર્ટ છે.વ્યાખ્યાયન આપતા કહ્યું કે, આપણે સહજતાથી ન્યાય આપવા માટે આધુનિકીકરણ કરવું જોઈએ. કેમ કે દુનિયા બહુ બદલાઈ ગઈ છે.

તેમણે કહ્યું કે, જ્યારે ન્યાયપાલિકા સારી રીતે કામ કરે છે, તો તે તમામને એકજૂથ કરવામાં ગુંદરની માફક કામ કરે છે. ન્યાયમૂર્તિ મેનને તે વિવિધ પડકારોનો પણ પ્રકાશ પાડ્યો, જેની દુનિયાભરની ન્યાયિક પ્રણાલી સામનો કરી રહી છે અથવા ભવિષ્યમાં સામનો કરશે.

તેમણે કહ્યું કે, ન્યાયાધીશોને સાર્વજનિક સંચારનું સન્માન કરવું જોઈએ, કેમ કે આ સામાજિક અને આર્થિક સંરચનાઓને લખવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે.

સિંગાપુરના મુખ્ય ન્યાયાધીશ સુંદરેશ મેનને શુક્રવારે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરી અને તમામ માટે સુલભ ન્યાય સુનિશ્ચિત કરવા પર વિચારોનું આદન પ્રદાન પણ કર્યું. રાષ્ટ્રપતિ અને સિંગાપુરના મુખ્ય ન્યાયાધીશે તમામ માટે સુલભ ન્યાય સુનિશ્ચિત કરવામાં ટેકનોલોજીની ભૂમિકા પર ચર્ચા કરી. ખાસ કરીને ન્યાયમૂર્તિ મેનને તે દિવસની શરુઆતમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી વાઈ ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી પીઠની કાર્યવાહીમાં ભાગ લીધો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ડિજિટલ પ્લેટફોર્મ્સ પર સકંજો

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર જેવાં ડિજિટલ પ્લેટફોર્મ્સ વિરુદ્ધ કરાતી ફરિયાદોના સમાધાન માટે ફરિયાદી અપીલીય સમિતિઓની રચનાનો નિર્ણય સમયની માંગ અને જરૂરિયાત હતી. દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર વગેરે સોશ્યલ નેટવર્ક સાઈટ્સના યુઝર્સ એટલી ઝડપથી વધ્યા છે કે લગભગ દરેક સ્માર્ટફોન ધરાવનાર તેની સાથે જોડાયેલો હોય છે. આ સંખ્યા કરોડોમાં થવા જાય છે, તેથી એવી કોઈ વ્યવસ્થા બનાવવી જરૂરી જ હતું કે જેનાથી લોકોની ફરિયાદોનું સમાધાન થઈ શકે. જોકે ફરિયાદોના સમાધાનની વ્યવસ્થા ખુદ સોશ્યલ નેટવર્ક સાઈટ્સ ચલાવનાર ઈન્ટરનેટ મીડિયા કંપનીઓ તરફથી જ કરવામાં આવી હોત તો સારું થાત, પરંતુ તેમણે તેનો દેખાડો જ કર્યે રાખ્યો અથવા તો તેમણે અધકચરી અને અવિશ્વસનીય વ્યવસ્થા બનાવી. એટલું જ નહીં, કેટલીય વાર તો આ કંપનીઓએ સંવેદનશીલ બાબતોમાં સરકારના આદેશ-નિર્દેશની અગણના પણ કરી. ધ્યાન રહે કે કૃષિ કાયદા વિરોધી આંદોલન સમયે આ કંપનીઓ કઈ રીતે માહોલ ખરાબ કરનારા વિમર્શ ઊભો કરવાનું કામ કરી રહી હતી. આ કંપનીઓ પોતાની મરજીનો વિમર્શ ઘડવા અને તેને પ્રોત્સાહિત કરવાનું માત્ર કામ નથી કરતી, સાથે કેટલીય વાર તે ફેક ન્યૂઝને પણ પ્રોત્સાહન આપે છે. એ જ રીતે તે કેટલીય વખત એવા વિમર્શને પ્રોત્સાહન આપે છે, જે સમાજમાં ભ્રાંતિ અને ટકરાવ પેદા કરનાર હોય છે. આ સ્થિતિમાં તેમને જવાબદારીના દાયરામાં લાવવી જરૂરી હતું. તેની જરૂરિયાત એટલે વધી ગઈ હતી, કારણકે સોશ્યલ નેટવર્ક સાઈટ્સ રાજકીય અને સામાજિક વિમર્શને પ્રભાવિત કરવાનું કામ કરે છે. એ બાબત ભૂલી ન શકાય કે કેટલાંક પ્લેટફોર્મ કઈ રીતે ચૂંટણીઓને પ્રભાવિત કરવાનું કામ કરતાં રહે છે.

અભિવ્યક્તિની સ્વતંત્રતાનું પોતાનું મહત્ત્વ છે અને એ સચ્ચાઈ છે કે સોશ્યલ નેટવર્ક સાઈટ્સ આ સ્વતંત્રતાનું સુગમ માધ્યમ બની ગઈ છે, પરંતુ તેનો દુરુપયોગ કોઈપણ સમાજ અને દેશમાં અશાંતિ અને વૈમનસ્યનું કારણ ન બનવા પામે, એ જોવું સરકારોની જવાબદારી છે. એ એક તથ્ય છે કે સોશ્યલ નેટવર્ક સાઈટ્સે વિશ્વના કેટલાય દેશોની સરકારો સામે સમસ્યાઓ પેદા કરી છે અને પછી એમ કહીને હાથ ઊંચા કરી દે છે કે તેઓ અભિવ્યક્તિની આઝાદીને સંરિક્ષત કરી રહી છે. સારું થયું કે મોડે મોડે પણ સરકારે સોશ્યલ નેટવર્ક સાઈટ્સ વિરુદ્ધ ફરિયાદ કરવા માટે અપીલીય સમિતિઓની રચના કરવાની સાથે જ એવી વ્યવસ્થા પણ કરી કે તેમણે ૩૦ દિવસની અંદર સમાધાન કરવું પડશે. હવે સરકારે એ સુનિશ્ચિત કરવું પડશે કે આ સમિતિઓ સોશ્યલ નેટવર્ક સાઈટ્સ પર લગામ કસવામાં સક્ષમ રહે. કારણ કે ભૂતકાળમાં તેમણે જવાબદારીના દાયરામાં આવવાથી બચવાનું કામ કર્યું હતું. કોઈ કંપની ભલે ગમે તેટલી મોટી હોય, તેને એવી અનુમતિ ન આપી શકાય કે તે દેશના નિયમ-કાયદા સાથે 'ખેલ' કરી જાય!

### ખાડા

તારા સુંદર ગાલના ખાડા,
ડૂબ્યા એમાં કેટલા લાડા??
નદી -સમંદર તરી જનારા,
તરી ન શકયા ગાલના ખાડા.
કેટલી મોરમ મહીં નાંખીએ,
પણ ન પુરાય ગાલના ખાડા
કેટલું બધું ખેંચાણ તાણ છે ,
ખાબક્યા કેટલા બળદગાડા?
ખાડા ખાડું કે ન બની ખાડી,
ખાડા જ રહ્યા સમજો કે પાડા!!!
રોજ રોજ નિહાળો છો એને,
કોણ ચૂકવશે એના ભાડા ?
હવે પંપાળીને નક્કી કરો કે,
ખરેખર જુવાન છે કે બુઢ્ઢા??

ભરત વૈષ્ણવ
૨૬.૧૨.૨૦૨૧ કવિતા

# બિહાર રાજયના પુર્વ ઉપમુખ્યમંત્રી અને સાંસદશ્રી સુશીલકુમાર મોદીજીએ કેન્દ્રીય બજેટ અંગે પ્રેસ મીડિયાને સંબોધન કર્યુ

## રેલ્વેમાં નવા કામો માટે ૨ લાખ ૪૦ હજાર કરોડના ખર્ચની જાહેરાત કરવામાં આવી તેમજ મુંબઈથી અમદાવાદ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે બજેટમાં બુલેટ ટ્રેન માટે ૧૯૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચની જાહેરાત કરવામાં આવી .

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના યશસ્વી અને કર્મઠ પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં એનડીએ સરકારના કેન્દ્રીય નાંણામંત્રીશ્રી નિર્મલા સિતારમણજીએ ૧ ફેબ્રુઆરી ના રોજ વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ રજૂ કર્યુ. આ બજેટ અંગે પ્રતિક્રિયા આપતા બિહાર રાજયના પુર્વ ઉપ મુખ્યમંત્રી તેમજ સાંસદશ્રી સુશિલકુમાર મોદીજીએ આજે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રેસમીડિયાના સંબોધન કર્યુ હતું.

શ્રી સુશિલકુમારે જણાવ્યું કે, આ બજેટમાં બે મહત્વની જાહેરાતો કરવામાં આવી છે જેના ભવિષ્યમાં દેશને ઘણા લાભ થશે. બજેટમાં દસ લાખ કરોડ રૂપિયાના મૂડીગત સંશાધનોના રોકાણની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતથી ઈન્ફ્રાસ્ટ્રકચરને મજબૂતી મળશે. આઝાદી પછી પહેલી વખતે ઈન્ફ્રાસ્ટ્રકચર પર એક વર્ષમાં દસ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે જેમાં રાજ્ય સરકારને ૧ લાખ ૩૦ હજાર કરોડ રૂપિયાની વ્યાજ મુક્ત લોન આપવામાં આવશે તેજમ આ સિવાય ૩ લાખ ૭૦ હજાર કરોડ રૂપિયા અલગથી રાજયોને નિર્માણ કાર્યો માટે આપવામાં આવશે. બજેટમાં રેલ્વ માટે ઘણી જાહેરાત કરવામાં આવી છે જેમાં ૨ લાખ ૪૦ હજાર કરોડના ખર્ચે રેલ્વેની નવી લાઈનો નાખવી, નવી ટ્રેનો સહિતના કામોમાં ખર્ચ કરવામાં આવશે. મુંબઈથી અમદાવાદ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે બજેટમાં બુલેટ ટ્રેન માટે ૧૯૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૬ ઓગષ્ટ સુધી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન શરૂ થાય તેવી સંભાવના છે. રસ્તાઓ બનાવવા માટે બજેટમાં ૧ લાખ ૬૨ હાજર કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે.દેશમાં ૫૦ નવા એરપોર્ટનું નિર્માણ કરવામાં આવશે. ૧૦૦ ક્રિટીકલ કનેક્ટીવીટી ઈન્ફ્રાસ્ટ્રકચરનુ નિર્માણ અંદાજે ૭૦ હજાર કરોડના ખર્ચે કવરામાં આવશે તેના કારણે દેશમાં નવી રોજગારીનું સર્જન થશે. કેપીટલ એક્સપેન્ડચરથી દેશની અર્થવ્યવસ્થા મજબૂત થશે.

શ્રી સુશિલ કુમારજીએ વધુમાં જણાવ્યું કે,બજેટમાં બીજી મહત્વની જાહેરાત ઈક્રમટેક્ષને લઈ કરી છે જેમાં સાત લાખ સુધી જેની વર્ષની આવક છે તેમને ઈક્રમટેક્સ ભરવા પર છુટ આપવામાં આવી છે જેનાથી આશરે એક કરોડ કરદાતાઓને લાભ મળશે. દેશમાં મધ્યમવર્ગના લોકોની સંખ્યા વર્ષ ૨૦૩૦ સુધીમાં ૭૦ કરોડ થવાની સંભાવના છે.તે સંદર્ભે બજેટમાં જોગવાઈઓ કરવામાં આવી છે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હેઠળ દેશમાં ગરીબી રેખા નીચે આવતો વર્ગ મધ્યમવર્ગમાં ફેરવાઈ રહ્યો છે મોટી ઉપલ્બધી છે.

શ્રી સુશિલ કુમારજીએ વધુમાં જણાવ્યું કે, લેબ ગ્રોન ડાયમંડ શીડસ પર કસ્ટમ ડ્યુટી ૫ ટકાથી ઘટાડી શુન્ય કરી દેવામાં આવી છે. ૨૪૨ કરોડ રૂપિયા આઈઆઈટી મદ્રાસને આ મુદ્દે રિસર્ચ કરવા ફાળવવામાં આવ્યા છે. ઈમિટેશન જ્વેલેરી પર કસ્ટમ ડ્યુટી ૨૦ ટકાથી વધારી ૨૫ ટકા કરવામાં આવી છે તેની પાછળ દેશમાં બનતી ઈમિટેશન જ્વેલેરીને વધુ વેગ મળે તેમાટે કસ્ટમ ડ્યુટી વધારવામાં આવી છે.ગીફ્ટ સિટીમાં વેપારને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ સુવિધાઓ આપવા બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. કોઓપરેટીવ સેક્ટર માટે બજેટમાં ઘણી જાહેરાતો કરવામાં આવી છે જેમાં પ્રાથમિક કોઓપરેટીવ સોસાયટીના સભ્ય ૨ લાખ રૂ. રોકડા જમા અથવા ઉપાડ કરી શકશે. કોઓપરેટીવ સોસાયટી કેશ વિથડ્રો માટે પહેલા એક કરોડની રકમ પર ૨ ટકા ટેક્સ કપાત થતો પરંતુ હવે ૩ કરોડ સુધી કેશ વિથ ડ્રો કરવામાં આવશે તો કોઈ પણ પ્રકાકનો ટીસીએસ કપાશે નહી. બજેટમાં રાષ્ટ્રીય સહકારીતા વિશ્વવિદ્યાલયનું નિર્માણ કરવામાં આવશે જેમાં મેનપાવરને ટ્રેનીંગ આપવામાં આવશે.

પ્રાઈમરી એગ્રીકલ્ચર કો.ઓ.સોસાયટીસ જો કોઈ મેન્યુફેકચરીંગ કરે તો તેમને ૧૫ ટકા ટેક્સ કોર્પોરેટ કંપની માફક ચૂકવવાનો રહેશે. દેશ ભરની કોઓપરેટીવ સોસાયટી છે તેમને કોમ્પયુટરાઈઝ કરવામાં આવશે જેના પર ૨૫૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

શ્રી સુશિલ કુમારજીએ વધુમાં જણાવ્યું, કે સિનિયર સિટિઝન બચત યોજનમાં પહેલા ૧૫ લાખ રૂપિયા જમા કરાવવી શકતા હતા પંરતુ તે વધારી હવે બજેટમાં ૩૦ લાખ સુધી કરવાની જાહેરાત કરી છે જેમાં પર પહેલાની જેમ ૮ ટકા વ્યાજ મળશે. કિસાન વિકાસ પત્રની જેમ મહિલા વિકાસ પત્રની જાહેરાત કરવામાં આવી છે જેમાં વર્ષે ૨ લાખ રૂપિયા જમા કરવા પર ૭.૫૦ ટકાનું વ્યાજ આપવાની જાહેરાત કરી છે. શહેરી વિસ્તારના વિકાસ માટે પ્રતિ વર્ષ દસ હજાર કરોડ રૂપિયા અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ ફંડની જાહેરાત કરવામાં આવી છે જેમાં ટીયર ૨ અને ટીયર ૩ શહેરોને લાભ મળશે. પીએમ સ્વનિધિ યોજના હેઠળ ગત વર્ષ ૧૫૦ કરોડની જાહેરત કરવામાં આવી હતી જેમાં ૩ ગણો વધારો કરી ૪૬૮ કરોડની જાહેરત કરવામાં આવી છે. ટ્રાઈબલ વિસ્તારમાં એકલવ્ય વિદ્યાલય માટે ૩૮ હજાર ૮૦૦ શિક્ષકોની નિમંણૂક કરવામાં આવશે.ટ્રાઈબલ વિસ્તારના વિકાસ માટે પણ સરકારે જાહેરાત કરી છે. એમએસએમઈ માટે આ વર્ષ ૨ લાખ કરોડ રૂપિયા કોલેટરલ ફ્રી હેન્ડ આપવામાં આવશે તેમજ કોરોના સમયે જે લોકો ટેન્ડરમાં સિક્યુરિટ તરીકે કોઈ રકમ જમા કરી છે તેમને શરતો આધિન જપ્ત થયેલ રકમન પરત કરવામાં આવશે. એમએસએમઈ પર કામ કરનાર માટે ઈક્રમટેકક્ષમાં રાહત આપવામાં આવી છે જેમણે પહેલા ૨ કરોડના ટર્ન ઓવર પર ટેકક્ષ ભરવો પડતો હતો તેની જગ્યાએ હવે ૩ કરોડ રકમ કરવામાં આવી છે. પ્રોફેશનલ ઈક્રમટેકક્ષમાં પણ મોટી રાહત આપવામાં આવીછે જેમાં પહેલા ૫૦ લાખની ઈનકમ પર ટેક્સ આપવો પડતો તેન રકમ વધારીને ૭૫ લાખ કરવામાં આવી છે. આમ બજેટમાં ગરીબ,મધ્યવર્ગ અને મહિલાઓ અને ખેડૂતો એમ દરેક વર્ગને ધ્યાને રાખી રજૂ કરવામાં આવ્યું છે

## ન્યુઝીલેન્ડના વડા પ્રધાન જેસિન્ડા આર્ડનને ગોપનીય અને ખુલ્લો પત્ર !!!

ડીયર જેસિન્ડાબેન,
પ્રધાનમંત્રીણીજી,
ન્યુઝીલેન્ડ સરકાર,
ઓકલેન્ડ
જય ન્યુઝીલેન્ડ!!

તમે અમને ઓળખતા નથી.હું ગિરધરલાલ ગરબડીયા, રિપોર્ટર બખડજંતર ચેનલ અને રાજુ રદી કેમેરામેન, ફ્રોમ ગાંધીનગર-ગુજરાત-ઈન્ડિયા. લેન્ડ ઓફ ગાંધીજી!!

સુજ્ઞ શ્રી જેસીન્ડાબેન ( અમારે ત્યાં મહિલાના નામ પાછળ ગાય-ભેંસના પૂછડાની જેમ "બેન"! નામનું લટકણિયું લગાવવામાં આવે છે. કેમ કે,,ભારત મારો દેશ છે અને બધા ભારતીય મારા ભાઈ બહેન છે. જો કે, સગવડ મુજબ બેચાર ભાઈ-બેનને બાદ કરી શકાય!!) આજે અમે એકસો પાંત્રીસ કરોડ છીએ . રન્નાદે માતા ઉર્ફે વસ્તી માતાજીની અસીમ પરમ, નિસીમ ઉદાર કૃપાથી ૨૦૫૦ માં ૧૬૮ કરોડ થઈ જઈશું.બીજા ક્ષેત્રમાં નંબર વન બનીએ કે ન બનીએ વસ્તીમાં નંબર વન બની જઈશું. અમે સૌનો સાથ, સૌનો પ્રયાસ(,અલબત, વ્યકિતગત ધોરણે જ!! સામુહિક ધોરણે નહીં ) સૌનો વસ્તી વિકાસ કરી રહ્યા છીએ તમામ ભારતીયો વતી તમને નવા વરસની વાસી શુભેચ્છા!!! નવી ઉર્જા મળે તેવી શુભેચ્છા ., તમને હાલમાં પાવરની એટલે કે ઉર્જાની તાતી જરૂરિયાત છે!! ઉર્જા વિના તમારા પાવરની બેટરી ડાઉન થઈ ગઈ છે , એવું સાંભળ્યું છે!!!

અમે સાંભળ્યું છે કે તમે પ્રધાનમંત્રીની ખુરશી છોડવા માટે કાચુંપાકું દહીં-દૂધ જેવું મન મનાવી બેઠા છે.તમારી પાસે સલાહકાર બલાહકાર છે કે નહીં? સલાહકાર પણ આવી સલાહ આપે છે? તમે સલાહકાર બલાહકાર બદલી નાંખો! તમારે તાંત્રિક , માંત્રિક કે દાઢી-મૂંછવાળા દસ સંતાનોના બાપ હોય એવા બ્રહ્મચારી ગૂરૂ-બુરૂં છે કે નહીં?? આવો અગત્યનો નિર્ણય સલાહકાર અબજો રૂપિયાની સ્થાવર જંગમ મિલકત ધરાવતા ત્યાગીબાબાની સલાહ લીધી બીધી છે કે નહીં? વડાપ્રધાનના એશોઆરામ સાપ જેમ કાંચળી ઉતારે તેમ પરિત્યાગ કરતાં પહેલાં પતિ પરમેશ્વરને પૂછયું કે નહીં! એમની રજામંદી લીધા સિવાય આવો અધોગતિનો નિર્ણય કેવી રીતે લઈ શકાય.,અમારા દેશમાં પંચાયતથી લઈને સંસદ સુધી મહિલા માટે સીટો અનામત રાખવામાં આવે છે. પરંતુ ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિએ પતિએ કાગળ પર જયાં નાની ચોકડી કરી હોય ત્યાં અંગૂઠો કે મતું મારવાની બંધારણીય ફરજો બજાવવાની હોય છે. બાકી મહિલાના પતિ-પિતા કે દીકરો બીજા હક્કો વગર ચૂંટણી લડે ભોગવે છે. જિલ્લા પંચાયત કે સરપંચણની ખુરશીમાં પતિ બાબુ બિરાજમાન થયેલા હોય છે. પશ્ચિમ બંગાળમાં નવાબ સિરાજોદલ્લા અને ઈસ્ટ ઈંડિયા કંપનીના સર્વેસર્વા રોબર્ટ કલાઈવનું દ્વિમુખી શાસન હતું .શેરડીના સંચામાં શેરડી પિલાય તેમ બેબસ ,લાચાર, મુફલિસ પ્રજા પિલાતી હતી. આવું જ મહિલા પ્રતિનિધિમાં થાય છે. જેસિન્ડાબેન તમારે બાળકો પણ છે. એના સુખસુવિધાનો પણ વિચાર કર્યો નહીં!!!તમે કેવા પ્રકારની જનની છો??એના મુખમાંથી સોનાચાંદીની ચમચી છીનવવાનો હક્ક તમનેકોણે આપ્યો??

અરે રે આ તમને શું સૂઝયું?! તમારી અક્કલ ઘાસ ચરવા ગઈ છે કે બહેનોની બુધ્ધિ પગની પાનીએ નહીં પણ પાતાળમાં એમ માનવાનું? આવી નાની અમથી વાતમાં વતેસર કરાય?? રજનું ગજ કરાય ? તલ જોવાય તેલની ધાર જોવાય.મહિલાઓ તો સહનશીલતાની મૂર્તિ કહેવાય. તો પછી આવી ભૂલ કરાય?ખુરશી બધાને મળતી નથી. ખુરશી પર માત્ર તમારો એકલાનો હક નથી. તમારી સાત પુસ્તોનો હક્ક છે. એમના હિત અને ભવિષ્યની ખેવના કરવાની હોય. ખુરશી થી , થકી, વડે સુખ, સમૃદ્ધિ ,સંપતિ, ઐશ્વર્યનો દ્યુતગતિ રાજમાર્ગ એટલે એકસપ્રેસ છે.!!ભાગ્યશાળી પર હાથણી સંતાનો કળશ ઢોળે છે!

પ્રધાનમંત્રી થઈએ એટલે ખાસ કામ ન કરવાનું હોય. પુલ, રસ્તા , ટાઉનહોલ,દવાખાના વગેરેનું ઉદઘાટન કરવાનું હોય, બેઠકમાં હાજરી આપવાનું હોય,ભાષણો કરવાના હોય, પ્રધાનમંત્રી તરીકે મળતા પગારભથ્થા, મફત હવાઈ મુસાફરી, ચાર્ટર પ્લેનમા્ મહાલવાનું હોય. કોઈ ટેન્શન લેવાનું ન હોય. વિપક્ષોને ટેન્શન દેવાનું હોય.!! કામ તો બાબુ લોગે કરવાનું હોય. પ્રજાની સમસ્યા પાછળ વિદેશી હાથ હોય. મંત્રી તરીકે વાતાનુકૂલિત વાહનોમાં મુસાફરી કરવાનું કષ્ટ ઉઠાવવાનું હોય. મંત્રી તરીકે બત્રીસ ભોજન અને તેત્રીસ પકવાન આરોગવાના હોય!પેટ પૂરેપૂરું ભરેલું હોય,પેટ તૂટૂં તૂટૂં થતું હોય પછી કુપોષણ,ગરીબોના કોળિયા-નિવાળા વિશે સંવેદનાસભર કાવ્યાત્મક પ્રવચન કરવાનું અને સોશિયલ મિડિયામાં પોસ્ટ કરવાનું હોય!!

હાઈ કમાન્ડ પાછળ પાછળ પ્રેમી પ્રેમીકા પાછળ લટ્ટુ થઈને ફરે તેમ તમારે પરિભ્રમણ કરવાનું રહે. હાઈકમાન્ડને રાજી રાખવા તમ મન ધન કુરબાન કરવું એ મંત્રીની ફરજ છે!! આવું બધું કાંઈ વહીવટી સુધારણાના અહેવાલ કે કમિશનના અહેવાલમાં ન હોય, આ બધું કોઠાસૂઝના આધારે કરવાનું શીઘ્રઅતિશીઘ્ર કર્મ છે.પક્ષ કે પક્ષ બહાર ખુલ્લા, પ્રછન્ન, ગુપ્ત, સંભવિત છૂટક કે જથ્થાબંધ હરીફોને ઉગતા ડામી દેવાના હોય. બધાના કાળાકામોની રાજકારણમાં મગરની ચામડી હોવી જરૂરી છે. બિનજરૂરી આળા, લાલપીળા, રાતાપીળા, સુંવાળા,ઢીલાપોચા થવું નહીં.મનની વાત કરવી પણ ધનની વાત ન ભૂલવી. પછી ભલે ધન એક નંબરનું હોય કે દસ નંબરી. અર્થશાસ્ત્ર ધનને ઓળખે છે. અર્થશાસ્ત્રને નૈતિક કે નીતિ સાથે સ્નાનસુતકનો સંબંધ નથી. ટકાવારી મુજબ ટેન્ડર વગેરે કરવા. મંત્રીપદ ગયા પછી કંઈ ભોજિયો ભા યાદ કરતો નથી કે ધન આપતું નથી એ વાત યાદ રાખવું.

તમે પ્રધાનમંત્રી હશો તો તમને, તમારા પતિને ,બાળકોને એસપીજી કે એનએસજી કેટેગરીની સિકયોરિટી મળે છે તે બંધ થઈ જશે. પ્રધાનમંત્રી તરીકે અમારા દેશની જેમ તગડો પગાર, મબલખ ભથ્થા મફત વીજળી,,એર ફોર્સ વન જેવું પ્લેન, મોંઘી કાર મફત રેશન, લાઈટ , પાણી મળતું હશે . એ બધુ રાજીનામાના ઝાટકે બંધ થઈ જશે. મેડમ બ્રેડ લેવા માટે પાકીટમાં ( ઓફ કોર્સ ખુદના પાકિટમાં. પીએમ તરીકે ગમે તેના પાકીટમાં હાથ નાંખી હાથ કી સફાઈ કરી શકાય!!) મેડમ ખુદના પૈસે કોફીનમાં ખીલા જડવા માટે ખીલ્લા પદરના એટલે પોતાના પાસે લેવા પડશે. ડગલે ને પગલે બધી સગવડ યાદ આવશે!!

જેસિન્ડાબેન તમારી ઉંમર તો માત્ર બેતાળીસ છે. આ ઉંમરે કારકિર્દી બનાવવાની લ્હાયમાં લગ્નની ગાડી ચૂકી જનાર એટલે રખડી ગયેલા કે રખડી ગયેલી હાળીઓ હાથ અને કેશમાં મેંદી ભરીને ચાર ફેરા ફરવાનું કામ આટોપે છે.!!! કેટલાક ચૂંટણીમાં ટિકિટનો મંત્ર જપતા હોય છે.આ ઉંમર ખુરશી છોડવાની છે?? નોટ એટ ઓલ!!અમારે ત્યાં પંચોતેર વરસના ખખડેલ ખટારા એવા યદુરપ્પા, ફારુક , માયાવતી, અખિલેશભૈયા, સુશાસનબાબુ, દિગ્ગીરાજા, મામાશ્રી, કેપ્ટન સાહેબ, વજુબાપા ,પ્રકાશસિંહ બાદલ વગેરે નોનસેન્સ નોટઆઉટ છે. રાજકારણની રીંગ છોડવા તૈયાર નથી. કદાચ મોતનો પંચ રાજકારણની રીંગ છોડાવે..એક પગ સંસદ-વિધાનસભામાં છે અને એક પગ કબરમાં છે. ઘણીવાર વ્હીલચેર, સ્ટ્રેચર કે કોઈના સહારે વિધાનસભામાં આવે છે,,પણ ગ્રેસ ફુલ એકઝીટન્સ કરતા નથી. લાલુ ભૈયા ,સુશાસનબાબુ, મફલરવાળા મરજીવા ખુરશી પર પંદર પંદર વરસથી ફેવિકોલની મજબુત જોડની જેમ ચિપકેલા છે. સાહેબે પણ નાના-મોટા હાકેમ તરીકે બે દાયકા પૂરા કર્યા. જો કે, સાહેબે તો ધમકી આપેલી જ છે. "હું ફકીર આદમી છું . જેલા લે કે ચલા જાઉંગા. "અમારા સાહેબ આમ નથી , ખાસ છે!! ધમકી આપશે પણ અમલ નહીં કરે!! હજુ અઢાર કલાક કામ કરવા છતાં ઘરાકીના અભાવે ઘણી ચીજોનું વેચાણ બાકી છે. કામ છોડીને સાહેબ જય રણછોડ કરે તો ભોમકા લાજે!!! અમારા પીએમ વેઈટીંગ બાણુ વરસની યુવાન ઉંમરે પ્રધાનમંત્રી થવાની માળા જપે છે. ઉંટનો પાકો લબડતો હોઠ પડે તો શિયાળની જેમ ઝાપટવા તત્પર છે. કદાચ નવાણુ વરસે જાતકનો ગજકેસરી યોગ થાય અને ક્યાંક ગજ વાગી જાય!!!

જેસિન્ડાબેન તમે જુમ્મા જુમ્મા ૨૦૧૭ માં પ્રધાનમંત્રી થયેલા. માનો કે હોદાનો ભાર હશે. ખુરશી સાચવવાનો સ્ટ્રેસ હશે એટલે ખુરશીની કુસ્તી ખેલ્યા સિવાય અડધેથી બોકસિંગની રીંગ છોડી દેવાનું તમને શોભે ખરું?? તમે સિરિમાવો બંડારનાયક, ઈંદિરા ગાંધી, ગોલ્ડા મેયર, માર્ગાર્ટ થેચર, મેરેસા, બેનઝીર ભૂટો, થેરેસાની પરંપરાના પથિક છો. ખુરશી છે તો સેવા કરી શકાય.ખુરશી ન હોય તો બરાક ઓબામાની જેમ રેસ્ટેરેન્ટમાં બર્ગર વેચવાની નોકરી કરવી પડે!!માનીએ કે તમે આંગળીના વેઢે ગણી શકાય તેવા અને તેટલા સારા કામો કર્યા છે . બસ આટલાથી સંતોષ ન મનાય!!

કોઈ વાંકદેખા અમારા ભારત દેશના સુપ્રસિદ્ધ ક્રિકેટ કોમેન્ટેટર, વિજય મર્ચન્ટનો દાખલો આપશે .એકવાર તેની કારકિર્દીની ટોચ પર નિવૃત્તિ લેવા વિશે કહ્યું હતું."આગળ વધો ."જ્યારે લોકો પૂછે છે કે તે શા માટે નિવૃત્તિ લઈ રહ્યા છે, જેસિન્ડા આર્ડર્ને તાજેતરમાં જ કહ્યું છે કે તે મર્ચન્ટના મેક્સિમને અનુસરીને નિવૃત્તિ લઈ રહ્યા છે. ભારતીય રાજકારણને તેમના જેવા લોકોની વધુ જરૂર છે.પક્ષ કપિલદેવ, કોહલી વગેરેના દાખલા લેવાના હોય!!

જેસિનિડા મેડમ તમને સારી રીતે સમજાવવા અમે આવવા તૈયાર છીએ. મનૂ અને રાજુ રદીને ન્યુઝીલ્વ્ડ આવવા જવાની બિઝનેસ કલાસની ટિકિટ કરાવી દો, સ્ટેટ ગેસ્ટ તરીકે લોજીંગ, બોર્ડિંગ, એકોમોડેશન, ટ્રાન્સપોર્ટ્શનનો લોજિસ્ટીક સપોર્ટ આપો એટલે તમને આધ્યાત્મિક માર્ગદર્શન આપીએ. અમને પગાર બગાર જોઈતો નથી. વધારે રોકાણની જરૂર હોય તો રાજકીય આશ્રયબાશ્રય આપી દો. બાકીની ટર્મ એન્ડ કંડીશન્સ રૂબરુમાં તય કરીશું!! આપના વહેલા જવાબની રાહમાં,

ગિરધરલાલ ગરબડીયા
રાજુ રદી!!
ભરત વૈષ્ણવ

# અક્ષરભૂવન પ્રથમ સ્તંભ સ્થાપના થઈ



વડતાલ મંદિરમાં શ્રીજી બન્યા રસોઈયા ૫૦ હજારથી વધુ ભક્તોએ દિવ્ય શાકોત્સવનો લાભ લીધો ; નૂતન અક્ષરભુવનનો પ્રથમ સ્તંભ આરોહણ વિધિ સંપન્ન.

વડતાલ : શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂખ્ય તીર્થધામ વડતાલ ખાતે મહાસુદ પૂનમના રોજ ભવ્યાતિભવ્ય દિવ્ય શાકોત્સવ વડતાલ પિઠાધીપતિ ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા સંતો મહંતોના સાનિધ્યમાં દબદબા ભેર રીતે ઉજવાયો હતો. સભામંડપમાં પૂ.જ્ઞાનજીવન સ્વામી (કુંડળધામ)એ ૭૩ મી રવિસભા અંતર્ગત ધન્ય પુનમીયા નરનાર રે.... એ વિષય પર કથામૃતનું રસપાન કરાવ્યું હતું. જ્યારે ગોમતીતીરે રૂા.૩૦૦ કરોડના ખર્ચે આકાર પામનાર નૂતન અક્ષરભુવનના પ્રથમ સ્તંભ આરોહણ આચાર્ય મહારાજશ્રી , તથા પૂ જ્ઞાનજીવનદાસજી સ્વામી , બાપુ સ્વામી , નૌતમપ્રકાશ સ્વામી , દેવપ્રકાશ સ્વામી વગેરે સંપ્રદાયના વરિષ્ઠ સંતો તથા હરિભક્તોની ઉપસ્થિતિમાં પૂજાવિધિ યોજાઈ હતી. વડતાલ મંદિરના કોઠારી ડૉ.સંત સ્વામીએ જણાવ્યું હતું કે, મંદિરના પૂજારી બ્રહ્મચારી હરિસ્વરૂપાનંદજીએ મંદિરના દેવોને રસોયાના વાઘા ધરાવ્યા હતા. જેનો હજ્જારો હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે મંદિરના આ પ્રસંગે સવારે શણગાર આરતી બાદ મંદિરના સભામંડપમાં સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ.જ્ઞાનજીવન સ્વામી (કુંડળધામ) ધ્વારા પ્રેમાનંદ સ્વામીના કિર્તન ધન્ય ધન્ય પુનમીયા નરનાર રે... આવે વડતાલે .... એ કિર્તન પર કથામૃતનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે બાલ સ્વામી - સરધાર , બ્રહ્મસ્વરૂપ સ્વામી, સત્સંગભૂષણ સ્વામી (આણંદ), હરિઓમ સ્વામી,રામદાસજી સ્વામી (યુ.એસ.એ.), પ્રભુચરણ સ્વામી (વેડરોડ સુરત), પ્રિયદર્શન સ્વામી (હરિનગર - વડોદરા) સહિત સંપ્રદાયના સંતો-મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ અંતર્ગત ૭૩ મી રવિસભાના યજમાન અ.નિ.રમીલાબેન સુપુત્ર દક્ષેશ ઈન્દુભાઈ પટેલ પરિવારે આચાર્ય મહારાજનું ફુલહાર પહેરાવી અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે બાપુ સ્વામી તથા પૂ.નૌતમ

સ્વામીએ પ્રાસંગીક ઉદ્?બોધન કર્યું હતું. દરમ્યાન આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે પૂનમ ભરવા આવતા તથા શાકોત્સવમાં પધારેલ ભક્તોને આર્શીવચન પાઠવતા જણાવ્યું હતું કે, ભગવાન શ્રીહરિના સર્વોચ્ચ તીર્થધામ વડતાલ ખાતે રૂા.૩૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર નૂતન અક્ષરભુવનના પ્રથમ સ્તંભ સ્થાપન પ્રસંગે આપ સૌ ભક્તો ઉપસ્થિત રહ્યા છો તે આનંદ અને ગર્વની વાત છે. મહારાજે વડતાલને પોતાનું કેન્દ્ર બનાવ્યું છે. જ્યાં પ્રગટ સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ બિરાજે છે. ત્યાં ઉજવાતો કોઈપણ ઉત્સવ સમૈયા જેવો છે. વડતાલ મંદિરને ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના થોડા મહિનાઓ બાકી રહ્યા છે ત્યારે દ્વિશતાબ્દી મહોત્સવને નિમિત્ત બનાવી જે ઉત્સવો ઉજવાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આલોક અને પરલોકના સુખ માટે દેવો પધરાવ્યા છે. પોતાનું શાશ્વત સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવ્યુંછે. તે વડતાલધામમાં જે સેવા કરે છે તેને અવિનાશી સુખ મળે છે. અને પ્રાપ્ત થશે તે વાત નિર્વિવાદ છે. ત્યારબાદ ગોમતીતીરે નૂતન અક્ષરભુવનના પ્રથમ સ્તંભ આરોહણ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અશ્વિન ગોલવિયા ન્યાલકરણ ગ્રુપ બરોડા , ધીરૂભાઈ કોટડીયા - સહજાનંદ બાયોટેક ,પંકજભાઈ બરોડા , ભૂપેન્દ્રભાઈ ભરૂચ , કાતિભાઈ રાખોલિયા સુરત , મહેન્દ્રભાઈ ટ્રસ્ટી , ધારાસભ્ય શ્રી અર્જુનસિ ચૌહાણ ,તેજસભાઈ પીપળાવ વગેરે અગ્રણીઓ આ પ્રસંગે યોજાયેલ ત્રિદિનાત્મક હરિયાગની પૂર્ણાહુતિ યોજાઈ હતી. આ પ્રસંગે ચેરમેન પૂ.દેવપ્રકાશ સ્વામી, મુખ્ય કોઠારી ડો સંત સ્વામી , પૂ બાપુ સ્વામી પૂ.નૌતમ સ્વામી, સહિત સંપ્રદાયના વરિષ્ઠ સંતો-ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પૂ.શ્યામવલ્લભ

સ્વામીએ કર્યું હતું.

(બોક્સ) ભક્તોએ મંદિરમાં દર્શન કરી લોયાનાં શાકોત્સવની અનુભુતી કરી. વડતાલ મંદિરમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ પ્રસંગે મંદિરમાં બિરાજેલા શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ સહિત આદિ દેવો સમક્ષ ચૂલા ઉપર રીંગણનું શાક, રોટલા બનાવવાની સામગ્રી ઉત્સવના પ્રતીકરૂપે મુક્વામાં આવી હતી. આ દિવ્ય દર્શનનો હરિભક્તોએ લાભ લઈ ૨૦૦ વર્ષ પહેલા લોયામાં ઉજવાયેલા શાકોત્સવની અનુભુતી કરી હતી. (બોક્સ) શાકોત્સવમાં વપરાયેલ સામગ્રી ૨૫૦૦ કિલો ગુલાબી રીંગણ, ૧૫૦૦ કિલો બાજરીના લોટના રોટલા, ૧૦૦૦ કિલો ચુરમાના લાડુ, ૧૫૦ કિલો ડ્રાયફ્રુટ, ૨૦૦૦ કિલો વઘારેલી ડ્રાયફ્રુટ ખીચડી, ૩૫૦૦ લીટર છાશ, ૨૦૦ કિલો આથેલા મરચાં, ૪૦૦ કિલો ગોળ, ૩૫૦ કિલો ઘી, ૧૦૦ ડબ્બા તેલ વિવિધ પ્રકારના મસાલા - ૧ હજાર કિલો વિવિધ પ્રકારના શાકભાજી ૨ હજાર કિલો ઉપરાંત ગામડાઓના ૧૦૦૦ હરિભક્તો તથા સુરત-ચરોતરની આસપાસના ૫૦૦ ઉપરાંત મહિલાઓ ધ્વારા રોટલીની સેવા.

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO - 139
વિષય - પાસા
વિભાગ - ગદ્ય
પ્રકાર - લેખ
શબ્દસંખ્યા - ૩૧૩
શીર્ષક - ધર્મ ને કર્મ- જીવન ઘડતરનાં અભિન્ન પાસા

ધર્મ અને કર્મ બંને માનવજીવન સાથે સંકળાયેલાં અભિન્ન પાસા છે. બંને એકબીજાના પૂરક છે. બંને એક જ પાસાની બે બાજુ છે, જેના થકી મનુષ્યજીવનનું સુયોગ્ય ઘડતર થાય છે.

ધર્મનું આચરણ સત્કર્મોના માર્ગે જ થઈ શકે. અજ્ઞાની લોકો અંધવિશ્વાસ અને જડતાપૂર્વક માત્ર ધર્મનું આચરણ કરે અને કર્મોની મહત્તા ભુલી જાય તો ક્યારેય સાચું જીવનદર્શન પામી શકે નહીં.

ધર્મની સીડી ચડવા માટે સત્કર્મોનાં પગથિયાં આવશ્યક છે. કર્મોની ગતિ વિના ધર્મના માર્ગે જનાર માનવી કદી ઈશ્વર કે તેમની કૃપાને પામી શકતો નથી.

ધર્મના અભ્યાસ થકી માનવીમાં પ્રેમ, શાંતિ, કરુણા, અહિંસા, સત્ય, સહિષ્ણુતા, નીડરતા જેવા સર્વાંગી ગુણોનો વિકાસ થાય છે. આ સદ્ગુણોનું સત્કર્મો દ્વારા વ્યવહારમાં આચરણ કરવાથી ઉત્તમ માનવી અને શ્રેષ્ઠ સમાજનું નિર્માણ થાય છે. ધર્મ એ કોઈ માન્યતા નથી. ધર્મ જીવનનાં તમામ મુલ્યોને કર્મ દ્વારા જીવનમાં સમાવિષ્ટ કરવાનું એક ઉત્તમ માધ્યમ છે. જગતનાં બધાં જ ધર્મો સદવિચારોનું આચરણ કરતા શિખવાડે છે. ધર્મને માત્ર ગ્રંથો પુરતો સીમિત નથી રાખવાનો કિન્તુ એના પ્રત્યેક અક્ષરોને જીવનરૂપી કિતાબમાં કંડારી જીવનને સુંદર ને સુરેખ બનાવવાનું છે.

ધર્મનો સૌથી મોટો ઉપદેશ જ એ છે કે તમે બીજા પાસેથી જેવા વ્યવહારની અપેક્ષા રાખતા હો તેવો જ વ્યવહાર તમે પણ બીજા સાથે કરો. ધર્મ એ એવું અલૌકિક તત્ત્વ છે જેની સાથે સેવારૂપી કર્મોથી તાદાત્મ્ય સાધતા માનવીને જીવમાં શિવનું દર્શન થાય છે. ધર્મ તમારા કર્મોની ગતિને સાચી દિશામાં વાળવામાં મદદરૂપ થાય છે. જીવનને સ્થિરતા આપે છે.

ધર્મની સ્થાપના માટે, એની રક્ષા કરવા માટે કર્મ કરવું જરૂરી છે. માટે ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ ગીતામાં કહ્યું છે,

" યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત,
અભ્યુત્થાનમં ધર્મસ્ય...ધર્મસંસ્થાપનાય
સંભવામિ યુગે યુગે."

અર્થાત્ જ્યારે ધર્મની રક્ષા કાજે જરૂર પડશે ત્યારે યુગયુગાંતર હું જન્મ લઈને આવીશ. માનવજાતના દુષ્કર્મોનો ઘડો જ્યારે છલકાઈ જાય છે અને કાળનો પંજો એના પર ફરી વળે છે ત્યારે હારીથાકીને એ પ્રભુના શરણમાં જાય છે. થોડાં સમય પહેલાં વિશ્વભરને પોતાના ભરડામા લેનારી કરોનાની મહામારી એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે, જેણે ગરીબ-તવંગર સૌને પ્રભુનાં ચરણમાં આળોટતાં કરી દીધાં.

રત્ના જરીવાલા (વિદૂષી)
( મુંબઈ )

---

નામ - અલ્પા મહેતા
NGO - 127
વિષય - પાસા
શિર્ષક - પાસા ઓ નો ખેલ

પાસા થી છે આખો ખેલ આ જગત માં
પાસા નો જ છે ખેલ જગત માં
જુઠા હાસ્ય નાં દાંવ ફેંકી
જુઠી લાગણી નાં ઘા ઓ ફેંકી
આંશુ ઓ નાં નિર વહાવી
છેતરે છે એકબીજાને આ શાણો માનવી
પાસા થી છે આખો ખેલ આ જગત માં
પાસા નો જ છે ખેલ જગત માંપ
જીતવા જગત ને જગત ને જ ભોળવી
ચતુરાઈ ની ચાંચે ચાવે સ્નેહ ને રસ બોળી
ભીતર છુપું હોય લાલચ નું પોટલું
માથે ચડાવી લઈ ફરે દયા નું ટોપલું
બહાર થી દેખાઈ એવો
નથી માનવી હવે આ જગત માં
લુંબક લુંબક થઈ ફરે આ જગત માં
પાસા થી છે આખો ખેલ આ જગત માં
પાસા નો જ છે ખેલ જગત માં..
સ્વાર્થ ની કેળી છે બહું સાકળી આ જગત માં
પણ સમજતો નથી આ માનવી ઘડિક માં
પછતાય છે એ પાછલી જીંદગી માં
જકડાઈ જાય છે એ ખુદ નાં જ દાવ માં
પાસા થી છે આખો ખેલ આ જગત માં
પાસા નો જ છે ખેલ જગત માં..

અલ્પા મહેતા " એક અહેસાસ"

---

: ર્દ્રૈ જીજી ર્દ/૦૦૪૪
વિષય:- પાસા
પ્રકાર:- ગદ્ય
શબ્દ :- ૧૭૫.
શીર્ષક:- બે અક્ષરનો શબ્દ.

'પાસા' , બે અક્ષરનો શબ્દ, સાથે ત્રણ અક્ષરનો અવળા શબ્દ જોડાય તો ભલભલાને ભૂ પીતો કરે અને જો સવળા શબ્દ જોડાય તો રોડપતિ કરોડપતિ બની જાય.

જિંદગીમાં વારંવાર પાસા અવળા પડે તો નાસીપાસ થયા વિના મહેનત કરીને આગળ વધવું ,પાસા સવળા પડવાથી સિદ્ધિ હાંસલ કરીએ તો અભિમાનમાં છલકાઈ ન જવું. આ વાત જિંદગીમાં આત્મસાત કરવાથી જિંદગી ક્યારેય બોજારૂપ ન લાગે.

હું મારી જ વાત કહું, અમારે ખેતીનો વ્યવસાય,જીવનસાથીની વિદાય પછી ખેતી સંભાળી ત્યારે પહેલી જ મોસમ આવી ડાંગરની ખેતીની.

ડાંગરની ખેતી એટલે ચાર મહિનામાં પાક તૈયાર અને પૈસા હાથમાં. ચાર મહિનામાં તો પૈસા હાથમાં આવી જાય એ ગણતરીએ ઘણી જગ્યામાં ડાંગર રોપાવી.

પાસા અવળા પડ્યા, વરસાદ ખેંચાતા અને ઓછો વરસાદ થવાને કારણે નહેરમાંથી પાણી ન મળ્યું. વરસાદની કમીને કારણે ડાંગરનો પાક ઓછો ઊતર્યો . જેને કારણે મારાં પહેલા જ પ્રયાસમાં સાલ ૨૦૦૦ માં મને રૂપિયા ૩૫૦૦૦ની ખોટ આવી.

આ અવળા પાસામાંથી શીખીને બીજે વરસે વરસાદ ન આવે તો કૂવામાંથી પાણી પહોંચાડી શકાય એટલી જ જમીનમાં ડાંગરની ખેતી કરી. એમાંથી સારો નફો મળ્યો.

નાસીપાસ થયા વિના અવળા પાસામાંથી શીખ મેળવી જિંદગીમાં આગળ વધવું. આ જ જીવવાની રીત છે.

શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS No : 004
વિષય: પાસા
પ્રકાર: પદ્ય
શબ્દો:૮૭
શીર્ષક:ભ્રમ

ભ્રમ
જન્મ એ જ ભ્રમ
રોજ નિત નવાં સોલણા..!
પાસા ફેંકાતા રહે સમયે,
સવાર પડે ને તૂટે ભ્રમ
હું જીવું તો આશ જીવન
હું જોઉં પથ તે કઠિન,
પાસા બદલાતા રહે,
ભ્રમ હતો મને ગહન..!
તૂટ્યો એ ભ્રમ ને
મચ્યો એ શોર ભ્રમનો..
પાસા બદલે તે સમજનાં,
ન અવાજ એ ભ્રમણાનો...!
શું હતું એ સ્વપ્ન ?
કે જિંદગીનો હાસ..,
અશ્રુની ધુંધળાશ તણો..,
પાસા ન દેખાણાં તે જ ભ્રમમાં!
ઈશે ફેંક્યાં પાસા
તેમ વિચારી જીવ્યાં
માનવ રૂપી અવતારે
'ભ્રમ' ને પોસ્યો હરખે.

જયશ્રી.પટેલ
૫/૨/૨૩


## અંતરનો અવાજ



ક્યાંય અટવાતો નહીં
ક્યાંય ગૂંચવાતો નહીં
ભીતરના અવાજને તું સાંભળતો રહેજે..પણ તું ચાલતો રહેજે.....
સાથ મળે ના મળે..મુંઝાતો કે ગભરાતો નહીં..ખુદની સાથે પ્રીત જોડી દેજે..બસ તું ચાલતો રહેજે..
ઠોકરો આવશે ઘણી..પડીને ઉભો થઇ જે લાગે કે વાગે નહીં જાતને સંભાળજે..બસ તું ચાલતો રહેજે..
સુખ અને દુ:ખમાં હીંમત અને ક્ષમતા રાખજે .. અંતરના અવાજ સાંભળી સમજી જજે..
બસ તું ચાલતો રહેજે..
હારતો કે થાકતો નહીં.. કોઈથી ડરતો નહીં.. હ્રદયમાં પ્રભુના ભાવને સાક્ષાત રાખજે..બસ તું ચાલતોરહેજે..
સ્વાર્થ અને પરમાર્થ વચ્ચે ચાલતું જીવન..તું ખુદમાં મોજથી જીવી લેજે..બસ તું ચાલતો રહેજે..

-ઉષા પંડ્યા (રાજકોટ)

## પ્રકૃતિ



આળસ મરડીને ઉઠ્યો
જાણે સૂરજ!
હટ્યા મેઘને પડી
મજાની સુંદર સહર.
ખીલી ઊઠી આખી ધરા
વસંતથી,
એ વાતથી આકાશ ક્યાં
હતું બેખબર!
ઝૂમે લીલા પાન
મસ્તીથી પવન સંગ,
થઈ ગઈ જાણે સૂર
તાલની જ અસર!
ફૂલો પણ હતા જાણે
ખુશમિજામાં,
પતંગિયા અને દ્વિરેફને
પડી ખબર.
મઘમઘી ઉઠ્યું આખું
ઉપવન ફોરમથી,
કોયલ ક્યાં રહી શકે
ચહેકયા વગર!
જાતે દીઠું જાણે સ્વર્ગ જ
ધરા પર!
હટતી નહોતી તેના
પરથી જ નજર.

-જાગૃતિ ડી. વ્યાસ - (રાજકોટ)


## શુભારંભ..



પ્રભુનાં આશિષ લઈ કરો કાર્યનો શુભારંભ,
શ્રધ્ધા કેરો દીપ પ્રગટાવી કરજો શુભારંભ.
સફળતાને પામવા પહેલો પથ કાર્ય આરંભ,
મક્કમ નિર્ધાર સાથે કરજો કાર્યનો શુભારંભ.
હતાશાનાં પડ હટાવી, ભરી મનમાં વિશ્વાસ,
હિંમતપૂર્વક ડગલાં માંડી કરજો શુભારંભ.
ડગલે ને પગલે વિઘ્ન આવશે ભલે રાહમાં,
સંઘર્ષની તૈયારી સાથે કરો કાર્યનો શુભારંભ.
સમયનું ચક્ર ફરશે સતત ધ્યાનમાં રાખો વાત,
સત્ય સાથે કદમ મિલાવી કરજો શુભારંભ.
શરૂ થાય આરંભ જેનો આવે નિશ્ચિત અંત,
જીંદગીની આ રીત સમજી કરજો શુભારંભ.

પૂર્વી સુનીલ પટેલ. "ઈશાની "(વલસાડ)

## ગામ છેવાડે ..



ગામ છેવાડે ઘોલકું હોય છે
રેતના ઢૂવે ડોલતું હોય છે
ગાર માટી છાણ લીપ્યું હોય છે
આવકારે એ. ઝૂરતું હોય છે
છો ટપાલી ત્યાં કદી ના આવતો
તોય કાગળ શું એ ફરતું હોય છે
ભાંભરે ના ભેંસ દરવાજે કદી
ટૂંટિયું વાળ્યું કૂતરું હોય છે
જીવતરના જીર્ણ તાંતણે ગૂંથ્યું
પંડ્ય પર ફાટ્યું પોલકું હોય છે

જયકેય મારુ (મુંબઈ)




મોરબી ખાતે " સુરા ફિલ્મ એક્ટિંગ એમ્પાયાર " ભવ્યાતિભવ્ય ઉદ્ઘઘાટન આદરણીય શ્રી રાજ શેખાવતજી ( પ્રદેશ અધ્યક્ષશ્રી - કરણી સેના - ગુજરાત ) ના હસ્તે કરવામાં આવ્યું. અતિથિ વિશેષ તરીકે પી. ડી. કાંજીયા સાહેબ ( નવયુગ ગ્રુપ ઓફ એજયુકેશન.) વિભૂતિ પટેલ. ( ફાઉન્ડર ૪ રાણીબા ઈન્ડસ્ટ્રીઝ સી.ઈ. ઓ.) જયદીપભાઈ ડાભી ( અક્ષર ડેકોર ) ઈવાબેન પટેલ ( ચીફ એડિટર દેશ પરદેશ મેગેઝિન ન્યૂ જર્સી. U. S.A. ) નિસાર ખાન, ( ફાઈટ માસ્ટર હૈદરાબાદ ) તથા અન્ય મહેમાનો એ હાજરી આપી અને આ એકેડમીના સંસ્થાપક સૂર્યકિરણ રાવત અને રાજેશ ભાઈ વ્યાસને શુભકામનાઓ પાઠવેલ

## લોર્ડ ઓફ રિધમ બરજોર લોર્ડ

હિન્દી ફિલ્મી સંગીતની દુનિયામાં બેજોડ અને અજોડ કોઈ કલાકાર હોય તો તે છે બરજોર ઉર્ફે બજી લોર્ડ. અત્યારે તો એ નિવૃત્ત જીવન વિતાવે છે. પણ એમનો પણ જમાનો હતો કોણ માનશે? સંગીતની દુનિયાની ઈમારતના પાયા હતા કોણ માનશે? સંગીતને સમર્પિત સમગ્ર પારસી લોર્ડ પરિવારે હિન્દી સિનેમા જગતમાં અદ્વિતીય પ્રદાન કર્યું છે. પિતાએ ૨૫૦૦૦ ગીત, નાના દિકરા એ ૧૮૦૦૦ ગીત તથા મોટા દીકરા એ પાંચ હજારથી વધુ ગીતોમાં વાદ્ય સંગીત વગાડ્યું છે. લોર્ડ બૂજી અદ્ભુત વાદ્યકાર છે. દાદા સાહેબ ફાળકે એવોર્ડથી તેઓ સન્માનિત થયા છે. સંગીતની દુનિયામાં એમનો પ્રવેશ પણ ચકા ચૌંધ કરનાર છે. બન્યું એવું કે એક ગીતના રેકોર્ડિંગ માટે મોટા ભાઈ કેરસી ને વાદ્ય કાર તરીકે જવાનું હતું પણ એની તબિયત સારી ન હોવાથી એમણે નાના ભાઈ બુજી ને મોકલી આપ્યો. સંગીતકાર હતા શંકર જય કિશન . જયકિશન એ બુજીને ડ્રમ પર્ કંઈક વગાડવા કહ્યુ અને એમની ડ્રમ સ્ટિક જે રીતે વાગી તે જોઈ ને તરત જ એમને કામ સોંપી દીધું અને ત્યારથી એમની સંગીતની દુનિયામાં વણથંભી સૂરીલી યાત્રા શરૂ થઈ. અને રાતોરાત એ રિધમ પ્લેયર તરીકે જાણીતા થઈ ગયા. આર. ડી. બર્મનના મોટાભાગના ગીતોમાં એમણે ડ્રમ કે પછી અન્ય તાલ વાદ્ય વગાડ્યા છે. એમણે ડ્રમ ઉપરાંત ઝાઈલોફોન, વાઈબ્રોફોન, ઘૂંઘરું, ટ્રાઈ એન્ગલ, કોંગો,બોંગો, ઈટાલિયન સાઈડ રિધમ વાદ્યો, વગેરે તો અસંખ્ય વાદ્યો એઓ એકલે હાથે વગાડતાં હતાં. એમના નામનો સિક્કો હતો એ જમાનામાં. બાળપણમાં ખરેખર તેઓ મરીન એન્જિનિયિંગ માં જવા માંગતા હતા. પરંતુ ઘરનું વાતાવરણ અનુકુળ ન હોવાને કારણે એમણે એમના પિતાનો જ વ્યવસાય અપનાવી લીધો. અને હિન્દી ફિલ્મ જગતના મોટાભાગના સંગીતકારોના સંગીત નિર્દેશનમાં એમણે અનેક વાદ્યો વગાડ્યા. પણ એમની માસ્ટરી તો ડ્રમ પર્ જ. એમનો ડ્રમ ટંકાર જગવિખ્યાત છે. આર. ડી બર્મન એમના પ્રિય સંગીતકાર હતા. આર. ડી એમની પાસે અનેક પ્રયોગો પણ કરાવતાં હતા. ઊંધી સ્ટીક મારીને ધ્વનિ લય નો અનેરો સંગમ કરાવતા. તો કેટલીક વાર ગોંગ પર્ જુદી રીતે ટકોરો મારીને સંગીતિક પ્રયોગો કરાવતા જે સફળ પણ ખૂબ થયા છે.

બરજોર લોર્ડ, ઉર્ફે "બજી" લોર્ડ, સમગ્ર ભારતમાં અને સમગ્ર વિશ્વના સંગીત સૌર મંડળના એઓ એક ઝળહળતા સુર્ય છે. તેઓ સંગીત ઉદ્યોગમાં ખ્યાતનામ પારસી પરિવારમાંથી આવે છે. જ્યારે તમે ચાંદ મેરા દિલ, સાયોનારા, આ જાને જાન, મહેબૂબા મહેબૂબા, વગેરે ગીતો સાંભળો છો, ત્યારે તેમની સંગીત સાધનાનો પરચો દેખાશે.તેમણે આજ પર્યંત અઢાર હજારથી પણ વધુ ગીતોમાં રિધમ પ્લેયર તરીકે કામ કર્યું છે એ એમનો નીજી રેકોર્ડ છે. ઝાયલોફોન અને ડ્રમ્સે તેમને જીવન જીવવામાં બળ આપવાનું કાર્ય કર્યું છે અને તેમણે એકસાથે અનેક વાદ્યો વગાડીને લોક રંજન તેમજ કલાનું પ્રદર્શન કર્યું, તે સરાહનીય છે.

બાળપણમાં એમને મરીન એન્જિનિયર બનવાનું સપનું હતું જે સાકાર નહોતું થયું પણ વિદેશો માં કાર્યક્રમ કરવાની ઈચ્છા ફળીભૂત થઈ હતી. એકવાર વેસ્ટ ઈન્ડીઝ માં એમનો લાઈવ કાર્યક્રમ મોહમ્મદ રફી, કિશોરકુમાર, આશા ભોંસલે સાથે હતો. અને એમણે ડ્રમ પર્ જે રીતે કામ કર્યું તે જોઈ પ્રેક્ષકોએ એમને તાળીઓ થી નવજ્યાં હતા. સાથે એમને શંકા પણ ગઈ હતી કે આટલી ઝડપી રીતે કોઈ માણસ ડ્રમ વગાડી શકે? જરૂર કોઈ મશીન કે ટેક્નોલોજી નો ઉપયોગ કર્યો હશે એટલે ઈન્ટરવલ માં એમનો હાથ ચેક કરવા આવ્યા હતા. અને ખાતરી કર્યા બાદ એમને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું અને સ્થાનિક અખબારમાં પહેલા પાનાં પર એમનું નામ ફોટો સાથે છપાયું હતું.

એમની કારકિર્દીનો સૂર્ય મધ્યાહને ઝળહળતો હતો ત્યારે જ એમણે અચાનક નિવૃત્તિ લઇ લીધી. કારણ પૂછતાં તેઓ સુનીલ ગાવસ્કર ને ઉલ્લેખીને કહે છે કે જ્યારે તમારી પ્રગતિ આસમાન ને ચુમતી હોય ત્યારે જ નિવૃત્ત થવામાં શાણપણ છે. લોકો ધક્કા મારીને કાઢી મૂકે એ પહેલા નિવૃત્ત થવું સારું એ ન્યાયે એમણે નિવૃત્તિ લીધી. તે વખતે ફિલ્મી કાવાદાવા પણ વધી ગયા હતા. અને આધુનિક વાદ્યો ઈલેક્ટ્રોનિક વાદ્યો આવવાના શરૂ થઈ ચૂક્યા હતા. એટલે પણ એમણે નિવૃત્ત થવાનું મુનાસીબ માન્યું. અને પછી એમણે મુંબઈ છોડ્યું અને હાલ એમની પત્ની સાથે ઉદવાડાના દરિયા કિનારે ઘર બનાવી શાંતિ થી નિવૃત્ત જીવન ગુજારે છે. એમની કારકિર્દીના શ્રેષ્ઠ ગીતો આ રહ્યા:-

આ યાદગાર ગીતો જેમાં બરજોર (બુજી) લોર્ડ એ વિવિધ તાલ. વાદ્યો, ડ્રમ વગેરે વગાડ્યું હતું:

રાત અકેલી હૈ – જ્વેલ થીફ '૬૭ , ગુલાબી આંખે – ધ ટ્રેન '૭૦ , ફૂલોં કે રંગ સે – પ્રેમ પૂજારી '૭૦ , દમ મારો દમ – હરે રામા હરે કૃષ્ણ '૭૧ , પિયા તુ અબ તો આજા – કારવાં '૭૧ , આઓ ના ગલે લગાઓ ના – મેરે જીવન સાથી '૭૨ , દુનિયા મેં લોગોં કો – અપના દેશ '૭૨ , જાને જાન ધૂંધતા – જવાની દીવાની '૭૨ , લેકર હમ દિવાના દિલ – યાદો કી બારાત '૭૩ , મહેબૂબા મહેબૂબા – શોલે '૭૫ , ચાંદ મેરા દિલ – હમ કિસી સે કમ નહીં '૭૭ , યે મેરા દિલ – ડોન ૭૮

આ તમામ ગીતો ભારતીયો કાયમ માટે યાદ રાખીને બરજોર લોર્ડ ને અમર બનાવશે. રિધમના લોર્ડ બરજોર (બજી) લોર્ડ લોકોના દિલ પર કાયમ રાજ કરશે.

વંદે માતરમ્ જય હિન્દ.
દિલીપ વી ઘાસવાલા
તા. ૫/૨/૨૩

## વાયુસેનાની ગજબની તાકાત, 'સૂર્ય કિરણ'ની કરતબ જોઈને લોકો દંગ રહ્યા...

તિરુવનંતપુરમ,તા.૫

ભારત દેશની પ્રસિદ્ધ સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમે કેરલના તિરુવનંતપુરમમાં એર શો કર્યો... આ શો શાંગુમુગમ બીચ પર કરવામાં આવ્યો હતો. એર શો દરમિયાન ભારતીય વાયુ સેનાએ શક્તિ પ્રદર્શન કર્યું હતું... ભારતીય વાયુ સેનાના વિમાનોની કરતબ જોઈને લોકો દંગ રહ્યા હતા. તમને જણાવી દઈએ કે, 'સૂર્ય કિરણ' એરોબેટિક્સ ટીમ સમયાંતરે અલગ-અલગ સ્ક્વાડ્રન એર શો મારફતે શક્તિ પ્રદર્શન કરતી રહે છે. તમને જણાવી દઈએ કે, સૂર્ય કિરણ ટીમ એ વાયુસેનાની એરોબેટિક્સ પ્રદર્શન ટીમ છે.. વર્ષ ૧૯૯૬માં સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમની સ્થાપના થઈ હતી. જે વાયુસેનાની સ્ક્વોડ્રનનો ભાગ છે. આ ટીમ ઘણી વખત એર શો કરી ચૂકી છે. સ્કોટને ફેબ્રુઆરી ૨૦૧૧માં હટાવવામાં આવી હતી, પરંતુ ૨૦૧૭માં હૉક એમકે ૧૩૨ વિમાન સાથે ફરીવાર સ્થાપના કરવામાં આવી હતી.

## નીતીશ કુમારે એક પછી એક કરીને ત્રણ વખત દગો કર્યો : પ્રશાંત કિશોર

નવીદિલ્હી,તા.૫

બિહારના રાજકારણમાં પ્રશાંત કિશોરની સક્રિયતા વધતી જઈ રહી છે. તે સતત મુખ્યમંત્રી નીતીશ કુમાર સામે નિશાન તાકી રહ્યા છે. આ મામલે ગોપાલગંજમાં જન સુરાજ પદયાત્રા દરમિયાન પીકેએ એક મોટો ખુલાસો કર્યો હતો. નીતીશ સામે પ્રહાર કરતા તેમણે કહ્યું કે નીતીશ કુમારે તો ૩-૩ વખત લોકોને ઠગી લીધા. સૌથી પહેલા ૨૦૧૫માં છોડીને ભાગ્યા. પછી ૨૦૧૯માં અમે એમપીવાળી જદયુને ૧૭ સીટો અપાવી, ભાજપને લડ્યા વિના જ ૩૦થી ઘટાડી ૧૭ પર લાવી દીધો.

પ્રશાંત કિશોરે કહ્યું કે તે સમયે હું પાર્ટીમાં બીજા ક્રમે હતો. પાર્ટીમાં નક્કી થયું તું કે લોકસભા બાદ અમે ભાજપનો સાથ છોડી દઈશું પણ જ્યારે મોદી જીતીને આવી ગયા તો નીતીશ કુમાર મને જ સમજાવવા લાગ્યા કે એવું લાગે છે કે હાલમાં પણ મોદી લહેર છે એટલે થોડાક રોકાઈ જઈએ ભાજપમાં. આ બીજો દગો હતો. ત્રીજો દગો સીએએ-એનઆરસી અંગે આપ્યો. પાર્ટીમાં નક્કી થયું કે અમે તેનો વિરોધ કરીશું અને સંસદમાં જઈને મોદીના પક્ષમાં એટલે કે સીએએ-એનઆરસીના પક્ષમાં જઈને વોટિંગ કરી દીધું. ચાલો પ્રજાને જ પૂછીએ કે હવે તમે જ જણાવો કે નીતીશ કુમાર કેટલા વિશ્વાસને લાયક છે?

NEWS OF GANDHINAGAR_P-3

# અર્બન-૨૦ની તડામાર તૈયારી, અમદાવાદ રોશનીથી ઝળહળશે

## અમદાવાદના ઐતિહાસક વારસાને દર્શાવતા ચિત્રો દોરાશે




અમદાવાદ

અમદાવાદમાં આગામી ૯-૧૦ ફેબ્રુઆરીના રોજ યોજાનાર અર્બન-૨૦ સમિટની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. શહેરના જાહેર માર્ગોની દિવાલો પર ગુજરાતની સંસ્કૃતિની ઝલક આપતા ચિત્રોથી સજાવવામાં આવી રહી છે. વિવિધ સ્થળે અમદાવાદના ઈતિહાસ અને વિશેષતાઓ દર્શાવતા વોલ પેઈન્ટિંગ પણ કરવામાં આવશે. સાથે જ વિવિધ સ્થળે રોશની પણ કરવામાં આવી રહી છે.

અર્બન-૨૦ શેરપા ઈન્સેપ્શન બેઠકમાં સામેલ થનારા દેશ-વિદેશના ડેલિગેટ્સ ૮મી ફેબ્રુઆરીએ શહેરમાં આવી પહોંચશે.

બે દિવસની બેઠકમાં ૬ વિવિધ પ્રાથમિકતાઓ પર ચર્ચા વિચારણા ઉપરાંત ડેલિગેટ્સ સાબરમતી આશ્રમ, અટલ બ્રીજ, અડાલજની વાવ, કાંકરિયા લેક તથા સાબરમતી રિવરફ્રન્ટની મુલાકાત લેશે. કાંકરિયા ખાતે અર્બન-૨૦ના મહેમાનો માટે ગાલા ડિનરનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ ડેલિગેટ્સ માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. ૯ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વર્ચ્યુઅલ સંબોધન સાથે બેઠકનો આરંભ થશે. સાથે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પુરી પણ પહેલા દિવસે સંબોધન કરશે.

# પાકિસ્તાને દૂતાવાસોને કહ્યું- કાશ્મીર મુદ્દે પ્રદર્શન કરો:ઈન્ટેલિજન્સ એજન્સીઓએ કહ્યું- પાક.એ ભારતીય સેનાને બદનામ કરવાનું ષડયંત્ર રચ્યું, સીક્રેટ નોટ્સ મોકલી

ભારત વિરૂદ્ધ પાકિસ્તાનના નવા ષડયંત્રનો ખુલાસો થયો છે. ભારતીય ઈન્ટેલિજન્સ એજન્સીઓના જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન કરવાનું પ્લાનિંગ કર્યું છે. પાકિસ્તાને દુનિયાભરમાં પોતાના દૂતાવાસોને કહ્યું કે કાશ્મીર ઘાટીમાં એવા ષડયંત્રો રચવા જેનાથી દુનિયામાં ભારત સરકારની છાપ ખરાબ થાય.

ઈન્ટેલિજન્સ એજન્સીઓએ જણાવ્યું કે- પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે પોતાની બધી એમ્બેસીને સીક્રેટ નોટ મોકલી છે. જેમાં ભારત વિરૂદ્ધ ષડયંત્ર રચવાની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી છે. ૫ ફેબ્રુઆરીએ પાકિસ્તાન 'કાશ્મીર સૉલિડૅરિટી ડે' ઉજવે છે. તેના માટે ઈસ્લામાબાદના પાકિસ્તાન હાઈ કમિશને ભારતીય સેનાને બદનામ કરવાની યોજનાની વિગતો આપતા તમામ દૂતાવાસોને ફેક્સ અને ઈમેલ મોકલ્યા છે.

કાશ્મીર એકતા દિવસ શું છે? પાકિસ્તાન પ્રમાણે, કાશ્મીર પર ભારતનો ગેરકાયદેસર કબજો છે અને ભારતીય સેના અહીં અત્યાચાર કરે છે.

તેના વિરોધમાં પાકિસ્તાન દર વર્ષે ૫ ફેબ્રુઆરીએ કાશ્મીર એકતા દિવસની ઉજવણી કરે છે.

શુક્રવારે જૈશ-એ-મોહમ્મદના ૬ આતંકવાદીઓ ઝડપાયા હતા. જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાએ મળીને શુક્રવારે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ૬ આતંકીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી મોટી માત્રામાં દારૂગોળો મળી આવ્યો છે.

સેના અને પોલીસની પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ આતંકવાદીઓ વિવિધ સોશિયલ મીડિયા સાઈટ્સ દ્વારા સરહદ પારના તેમના હેન્ડલર્સના સંપર્કમાં હતા. તેઓ કુલગામ જિલ્લામાં ગ્રેનેડ હુમલાની યોજના બનાવી રહ્યા હતા. તેમનો ઉદ્દેશ્ય અહીંના નાગરિકોને ડરાવીને વિસ્તારની શાંતિને ખલેલ પહોંચાડવાનો હતો.

# સમસ્ત પાંચ પરગણા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજ ના ૧ ર માં સમૂહ લગ્નત્સવયોજાયો




પાટણ :

ઐતિહાસિક નગરી પાટણ ખાતે આજરોજ સમસ્ત પાંચ પ્રગણા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજના ૧૨ માં સમૂહ લગ્ન નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આદરણીય સંતો, વડીલો અને હજારો ની સંખ્યામાં ભૂ દેવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સમાજના દાતાઓ દ્વારા ૨૭ જેટલા નવદંપતિઓને જીવન જરૂરિયાત વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. સમગ્ર આયોજન સમાજની પાટણ શહેર ખાતે આવેલ બોર્ડિંગ માં કરવામાં આવ્યું હતું. જ્યાં ભવ્ય મંડપ સાથે લગ્ન ની ચૌરી ,વર પક્ષ અને કન્યા પક્ષ માટે અલાયદા વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. તેમજ તેમજ ભૂદેવો ના મંત્રો અને મંગલ અષ્ટક સાથે લગ્ન ગીત સાથે પરિસર નું સમગ્ર વાતાવરણ મંગલમય બનવા પામ્યું હતું. તેમજ ઉપસ્થિત મહેમાનો માટે લગ્ન સ્થળ

ની બાજુમાં આવેલ મેદાનમાં ભોજન પ્રસાદ ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ વાજતે ગાજતે વરરાજાનો વરઘોડો સાથે ઉપસ્થિત સૌ ગરબા ના તાલે ઘૂમ્યા હતા.જ્યાં સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ હરવોવનભાઈ શીવાંડિયા ની તલવાર બાજી આકર્ષણ નું કેન્દ્ર બની હતી.મંગળફેરા, કન્યાદાન, અને કન્યા વિદાય સમયે વાતાવરણ ભાવુક બનવા પામ્યું હતું. આ પ્રસંગે સમાજના દાતાઓનું પણ વીશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકો આવવાના હોઈ તે માટે અલગ પાર્કિંગ વ્યવસ્થા નું પણ ખૂબ સરસ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સમૂહ લગ્નમાં ૨૫ હજાર જેટલા ભૂદેવો ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ રાજકીય, સામાજિક અગ્રણી આગેવાનો સહિત વિશાળ સંખ્યામાં જનમેદની ઉમટી હતી.આ શુભ પ્રસંગે સમાજના પ્રમુખ શ્રી ડો.મનસુખભાઈ જોષી તેમજ મહામંત્રી શ્રી ભરતભાઈ. એલ.જોષી એ જણાવ્યું હતુ કે સાંપ્રત સમયમાં સમાજમાં શિક્ષણ અને એકતા ની ભાવના વધી છે.જેનાં થકી આ સમૂહ લગ્ન નું સફળ આયોજન કરવામાં મદત મળી છે.તો આવનાર વર્ષે પણ સર્વ બ્રહ્મ સમાજ નો સાથ અને સહકાર લઈ સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવશે. પ્રમુખશ્રી અને મહામંત્રી શ્રી દ્વારા સર્વ સમાજ નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ જેમને આ પ્રસંગ સફળ બનાવવા માટે ખૂબ મહેનત કરી એવા સમાજના યુવા કાર્યકરો, અને બોર્ડિંગ ના વિદ્યાર્થીઓ નો પણ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. ઉપસ્થિત સર્વ સમાજ બંધુઓ એ બોર્ડિંગ સ્થિત બ્રહ્મ લિન પરમપૂજનીય આનંદપ્રકાશ બાપુની પ્રતિમાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

રિપોર્ટ : ભરતભાઈ .એલ.જોષી
પાટણ ( મહારાજ)

# પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલી સામે એફઆઈઆર, નશો કરી પત્ની સાથે મારપીટ અને ગાળાગાળી કરવાનો આરોપ

મુંબઈ,તા.૫

પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલી ફરી એકવાર વિવાદમાં ફસાયો છે. વિનોદ કાંબલીની પત્ની એન્ડ્રીયા હેવિટે તેની સામે મુંબઈ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. એન્ડ્રીયાએ વિનોદ કાંબલી પર દારૂના નશામાં તેની સાથે મારપીટ કરવાનો અને દુર્વ્યવહાર કરવાનો આરોપ લગાવ્યો છે.

પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલી ફરી એકવાર વિવાદમાં ફસાયો છે. વિનોદ કાંબલીની પત્નીએ મુંબઈ પોલીસને આપેલી ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે નશાની હાલતમાં વિનોદ કાંબલીએ રસોઈ બનાવવાની તપેલીનું હેન્ડલ તેના પર ફેંકીને મારપીટ કરી હતી જેના લીધે તેને માથામાં ઈજા થઈ હતી. એન્ડ્રીયાએ પોલીસને કરેલી ફરિયાદ મુજબ આ ઘટના શુક્રવારે બપોરે ૧ થી ૧.૩૦ વાગ્યાની વચ્ચે બની હતી. એન્ડ્રિયાએ પોતાની ફરિયાદમાં કહ્યું છે કે વિનોદ કાંબલી નશાની હાલતમાં બાંદ્રા ફ્લેટ પર પહોંચ્યો અને મારી સાથે દુર્વ્યવહાર કરવા લાગ્યો હતો.બાંદ્રા પોલીસના જણાવ્યા અનુસાર વિનોદ કાંબલી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. બાંદ્રા પોલીસે જણાવ્યું કે કાંબલીની પત્ની એન્ડ્રીયા ફરિયાદ નોંધાવવા આવતા પહેલા ભાભા હોસ્પિટલમાં ગઈ હતી અને તબીબી સારવાર લીધી હતી.

# રિલાયન્સ ફાઉન્ડેશન સાબરકાંઠા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડબ્રહ્મા ના સયુંકત ઉપક્રમે જૈવિક ખેતી અને ખેતી ખર્ચ બાબતે તાલીમ યોજવામાં આવી.



રિલાયન્સ ફાઉન્ડેશન સાબરકાંઠા જિલ્લા ના પાંચ તાલુકામાં ગ્રામીણ પરિવર્તન કાર્યક્રમ અંતર્ગત ગ્રામીણ વિકાસની વિવિધ કામગીરીઓ કરી રહ્યું છે જેમાં સાબરકાંઠા જિલ્લાની સ્થાનિક સંસ્થા નરોત્તમ લાલભાઈ ટ્રસ્ટ સાથે મળી જિલ્લાના પાંચ તાલુકાના ૨૫૦ જેટલા ગામોમાં ગ્રામીણ વિકાસને લગતા કાર્યો કરવામાં આવી રહ્યા છે જેમાં ગ્રામ પંચાયત ને તાલીમ માહિતી માર્ગદર્શન અને ગ્રામ પંચાયતનું પંચવર્ષીય આયોજન બનાવવામાં મદદ કરવી પાણી સંગ્રહ પાણી ની બચત અને વ્યવસ્થાપન બાબતે વિવિધ કાર્યો ખેતીમાં નવી ટેકનોલોજી ખેડૂત સંગઠનો કૃષિ આવકમાં વધારો મહિલા વિકાસ બાબતે મહિલા મંડળોના સંગઠનો ને તાલીમ માહિતી અને રોજગાર પ્રવૃત્તિઓમાં મદદ યુવાનો ને ખેતી અને બિનખેતી માં રોજગાર મેળવવા મદદ અને ગ્રામીણ રોજગાર ને પ્રોત્સાહન તેમજ કુપોષણ નાબૂદી જેવા વિવિધ કાર્યો માટે સરકારના વિવિધ વિભાગો સાથે મળી ને કાર્યો કરવામાં આવી રહ્યા છે

હાલમાં ખેડબ્રહ્મા તાલુકાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર માં ખેડબ્રહ્મા અને વડાલી તાલુકાના ૧૫ ગામોના ૪૦ જેટલા ખેડૂતો સાથે એક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રિલાયન્સ ફાઉન્ડેશન ના વ્રજલાલ રાજગોર દ્વારા કાર્યક્રમની સરુઆત કરતા શાબ્દિક સ્વાગત સાથે રિલાયન્સ ફાઉન્ડેશન અને નરોતમ લાલભાઈ સંસ્થા નો પરિચય અને કાર્યો ની માહિતી આપી હતી ત્યારબાદ રિલાયન્સ ફાઉન્ડેશન ના પ્રોગ્રામ મેનેજર મુકેશભાઈ કલાલ દ્વારા ખેતીમાં જરૂરી બદલાવ પર્યાવરણમાં આવતા બદલાવો અને તેના કારણે ખેડૂતોને થતી નુકશાની અને તેમાં ટકી રહેવા ખેડૂતો ની ક્ષમતા વધારવા બાબતે વાત કરી હતી

ત્યાર બાદ વનબંધુ પોલીટેકનિક ના પ્રોફેસર ડો. નિરવ જે ચૌધરી સાહેબ દ્વારા પ્રાકૃતિક ખેતી અને કીટ નિયંત્રણ ના દેસી ઉપાયો બાબતે માહિતી આપતા કીટનાશક ની વિવિધ પદ્ધતિઓ સમજાવવામાં આવી કેમિકલ મુક્ત ખેતી જૈવિક ખેતી અને કુદરતી ખેતીને પ્રાધાન્ય આપતા ખેડૂતોએ આવી પદ્ધતિઓ અપનાવવા ભલામણ કરી હતી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડબ્રહ્મા ના વૈજ્ઞાનિક ડો. સંજય ભાઈ આચાર્ય સાહેબ દ્વારા હાજર ખેડૂતોને સોલાર ટ્રેપ નો ડેમો બતાવી તેમના ફાયદાઓ સમજાવવામાં આવ્યા હતા અને તેની સાથે ખેડૂતે ખેતી ખર્ચ બચાવવા માટે આવા જૈવિક અને કુદરતી કીટ નાશક ને અપનાવવા જોઈયે જેથી પર્યાવરણ ને પણ નુકસાન ના થાય અને પર્યાવરણ ને સંતુલિત રાખતું જીવન ચક્ર જળવાઈ રહે..ત્યાર બાદ રિલાયન્સ ફાઉન્ડેશન ના વ્રજલાલ રાજગોર વર્ષા મહેતા દ્વારા હાજર લાભાર્થીઓને સોલાર ટ્રેપ નું વિતરણ કરવામાં આવ્યું હતું..

અને કે.વી.કે કેમ્પસ માં કરેલા વિવિધ ડેમો ની ખેડૂતોને વિઝીટ કરાવવામાં આવી અને માહિતી આપી હતી જેમાં અળસિયાનું ખાતર બનાવવા માટે વર્મિ કંપોસ્ટ યુનિટ ની મુલાકાત કરી ખેડૂતોએ માહિતી મેળવી હતી.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા કે.વી.કે ખેડબ્રહ્માના મુખ્ય અધિકારી જે આર પટેલ સાહેબ નું માર્ગદર્શન રિલાયન્સ ફાઉન્ડેશન ના મોનીટરીંગ સેલ ના સભ્ય બિમલ ભાઈ પટેલ જિલ્લા પ્રોગ્રામ મેનેજર મુકેશ કલાલ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર વર્ષા મહેતા જયરામ દેસાઈ નરોત્તમ લાલભાઈ ટ્રસ્ટ ના કો ઓર્ડીનેટર કનુભાઈ લકુમ હાજર રહ્યા હતા.

જેમાં કે.વી.કે ની ટીમ રિલાયન્સ ફાઉન્ડેશન ના પીએફ અને નરોત્તમ લાલભાઈ સંસ્થાના સી.આર.પી ઓની મહેનત થી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# આસામમાં સીઆરપીએફને મળી સફળતાઃ મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો જપ્ત

નવી દિલ્હી, તા.૫

આસામના નલબાડી વિસ્તારમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાનો અને આસામ પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશનમાં મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. સીઆરપીએફની ૧૩૬મી બટાલિયને આ ઓપરેશન પાર પાડ્યું હતું. સીઆરપીએફના પ્રવક્તાએ જણાવ્યું કે, શનિવારે સીઆરપીએફ ઈન્ટેલિજન્સ દ્વારા આપવામાં આવેલી ગુપ્ત માહિતીના આધારે નલબાડી પોલીસ અને સીઆરપીએફની ૧૩૬મી બટાલિયનએ સેંગનોઈના જંગલોમાં એક વિશેષ ઓપરેશન હાથ ધર્યું હતું અને હથિયારો અને દારૂગોળોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો.


જપ્ત કરાયેલા વિસ્ફોટકો અને હથિયારોમાં ૪ પિસ્તોલ, ૨ એર પિસ્તોલ, ૭ મિક્સ્ડ મેગેઝીન, ૭૯ એકે શ્રેણીની કુલ ૧૦૭ રાઉન્ડ ગોળીઓ, ૫ ડિટોનેટર, ૪ હાથથી બનાવેલા કારતૂસ અને ૬૦૦ ગ્રામ અજાણ્યા વિસ્ફોટકો વગેરે સામેલ છે. એક અધિકારીએ જણાવ્યું કે પ્રારંભિક તપાસમાં એવું લાગે છે કે શંકાસ્પદ આતંકવાદીઓએ જંગલ વિસ્તારમાં હથિયારો અને દારૂગોળો છુપાવ્યો હતો. જો કે, હજુ સુધી એ જાણી શકાયું નથી કે જપ્ત કરાયેલા વિસ્ફોટકો અને હથિયારો કઈ સંસ્થાના છે. નલબાડીમાં આટલા મોટા જથ્થામાં હથિયાર અને વિસ્ફોટકો મળી આવતાં વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે.

# ઉત્તર પ્રદેશઃ જાતિ આધારિત વસતી ગણતરીના સમર્થનમાં આવ્યા કેશવ પ્રસાદ મૌર્ય

લખનૌ,તા.૫

ઉત્તર પ્રદેશના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ જાતિ આધારિત વસતી ગણતરી માટે પોતાનું સમર્થન જાહેર કરીને રાજ્યના રાજકારણમાં નવી હલચલ મચાવી દીધી છે. જાતિ આધારિત વસતી ગણતરીને સમર્થન આપનાર ભારતીય જનતા પાર્ટીના તેઓ પ્રથમ નેતા છે. હાલમાં બિહારમાં રાજ્ય સરકાર દ્વારા જાતિ આધારિત વસતી ગણતરી કરવામાં આવી રહી છે અને બિહાર સરકારના આ નિર્ણય બાદ ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં જાતિ આધારિત વસતી ગણતરી કરાવવાની માંગ કરવામાં આવી રહી છે.ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ ઉન્નાવના નવાબગંજમાં એક કાર્યક્રમ બાદ પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે તેઓ જાતિ આધારિત વસતી ગણતરીના પક્ષમાં છે. જો કે, અગાઉ તેમણે એમ પણ કહ્યું હતું કે, જ્યારે સપા અને બસપાના સમર્થનથી કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે આ પક્ષોએ આને મુદ્દો કેમ ન બનાવ્યો.

# ફોરમ ઓફ રેગ્યુલેટર્સની ૮૪મી મીટિંગ (FOR)-શ્રી અનિલ મુકિમ (અધ્યક્ષ) ( ગુજરાત વીજ નિયમન પંચ)ના પ્રસંગે ધી લીલા, ગાંધીનગર ખાતે જય જય ગરવી ગુજરાત થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમ.




ગુજરાતની લગભગ ૬૦-૮૦ ડાન્સ ટીમો સમગ્ર ભારતમાંથી આવેલા મહેમાનને સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે.
નૃત્ય પ્રદર્શનમાં તલવાર સ્ત્રી નૃત્ય , સિદ્ધિ ધમાલ નૃત્ય , મણિયારો - મેર રાસ , મિશ્ર રાસ , ટીપ્રી , ગરબો , વંદે માતરમ પર ભારતીય સમકાલીન નૃત્યનો સમાવેશ થાય છે. રાધિકા મારફતિયા દ્વારા રજૂ કરાયેલ જય જય ગરવી ગુજરાત સાથે સમાપન.



રાજય સરકાર દ્વારા જિલ્લાની એકતા સમિતિમાં માનસીબેન ત્રિવેદી ની (પાટણ જિલ્લા) સભ્ય તરીકે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

# દુનિયાનું સૌથી મોટું કોર્પોરેટ સ્કેમ દેશમાં ચાલી રહ્યું છે

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી અને વડગામનાં કોંગ્રેસ પક્ષનાં ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે દુનિયાનું સૌથી મોટું કોર્પોરેટ સ્કેમ દેશમાં ચાલી રહ્યું છે. તાજેતરમાં ટ્વીટર પર 'ચોકીદાર હી ચોર હૈ' હેસટેગ ટ્રેન્ડીંગ થઈ રહ્યું છે. હિડનબર્ગ રિપોર્ટને પગલે દેશમાં આર્થિક સંકટ ઉભું થયું છે. અદાણી ગ્રુપના સ્કેમ અંગે સીબી, ઈડી, સીબીઆઈ, આરબીઆઈ કેમ ચૂપ છે. કોંગ્રેસ પક્ષ નાના અને મધ્યમ વર્ગનાં ઉદ્યોગકારો સાથે છે. શેલ કંપનીઓ-ફેક કંપનીઓ ઉભી કરીને કરોડો રૂપિયાની ટેક્ષ ચોરી કરવામાં આવી છે અને શેરમાં રોકાણ કરવામાં આવ્યું છે. દેશની સૌથી વિશ્વસનીય વીમા કંપની દ્વારા ૭૬૦૦૦ કરોડનું અને એસબીઆઈ સહિતની બેંકોએ ૮૦૦૦૦ કરોડનું રોકાણ અદાણી ગ્રુપમાં કરવામાં આવ્યું છે. જે રીતે શેર માર્કેટમાં એલઆઈસી અને વિવિધ બેંકોનાં રોકાણનું ધોવાણ થયું છે એ ખૂબ જ ચિંતાનો વિષય છે. ગુજરાતની ભાજપ સરકાર પણ 'મગનું નામ મરી' પાડતી નથી. ગુજરાતનાં રોકાણકારને સાચવવા માટે એક શબ્દ ભાજપ સરકાર ઉચ્ચારતી નથી ત્યારે કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે આ સમગ્ર ગોટાળાની તાપસ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ દ્વારા તાપસ કરવામાં આવે.રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલભાઈ શાહએ જણાવ્યું હતું કે દેશનાં અને ગુજરાતનાં લાખો લોકોએ પોતાના જીવનની મૂડી સરકારી વીમા કંપની એલઆઈસી અને સરકાર બેંકોમાં રોકાણ કરે છે. અદાણી ગ્રુપના આર્થિક ગોટાળા અને હિડનબર્ગનાં રિપોર્ટ બાદ રોકાણકારોનાં તેમજ સરકારી સંસ્થાઓનાં કરોડો રૂપિયા ધોવાઈ ગયા છે.ત્યારે તારીખ ૬ ફેબ્રુઆરી બપોરે ૧ વાગે કોંગ્રેસ પક્ષ ગુજરાતનાં તમામ જિલ્લા મથકે અને અમદાવાદમાં એલઆઈસી ઓફીસ બહાર ધારણા-પ્રદર્શન કરી વિરોધ કરવામાં આવશે. તારીખ ૭ ફેબ્રુઆરીએ કોંગ્રેસ પક્ષ દ્વારા હાથ સે હાથ જોડો યાત્રાનો શુભારંભ કરવામા આવશે. પદયાત્રાની શરૂઆત સાબરમતી આશ્રમ ખાતેથી કરવામાં આવશે. ગુજરાતમાં વારંવાર પેપર ફૂટવાની ઘટનાના અંગે ગુજરાતનાં યુવાનોને સાથે મળીને લાખો યુવાનોના ભવિષ્ય માટે આ યાત્રામાં યુવાનોની રોજગારીનાં પ્રશ્ને મજબૂતાઈથી ઉજાગર કરવામાં આવશે.

પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી અને પ્રવક્તાશ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

હિરેન બેંકર
પ્રવક્તા

# હીટરે આખું ઘર સળગાવ્યું:ગાંધીનગરમાં હીટરથી પાણી ગરમ કર્યા પછી શોર્ટ સર્કિટ થતાં સ્માર્ટ ટીવીમાં જોરદાર બ્લાસ્ટ

ગાંધીનગર,તા.૫

ગાંધીનગરના રાયસણમાં ગુડાનાં મકાનમાં હીટરથી પાણી ગરમ કર્યા પછી અચાનક શોર્ટ સર્કિટ થયું હતું. જેથી સ્માર્ટ ટીવીમાં બ્લાસ્ટ થયો હતો અને આગ લાગી હતી. આ ઘટનામાં સ્માર્ટ ટીવી, ડ્રેસ મટીરીયલ્સ સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ બનાવના પગલે ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી જઈ બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગરના રાયસણ ખાતે આવેલા પંડિત દિન દયાળ વસાહતમાં સ્માર્ટ ટીવીમાં બ્લાસ્ટ થવાની સાથે આગની ઘટના ઘટી છે. અહીં બ્લોક નંબર - બી /૦૦૩ માં રહેતાં સંગીતાબેન જાદવના પરિવારમાં પતિ અને ૧૭ વર્ષનો દિકરો પ્રિન્સ છે. સંગીતાબેન રસોઈ બનાવવાના કામ કરતા સિવાય ડ્રેસ મટીરીયલ્સનો પણ વેપાર કરે છે. આજે નિત્યક્રમ મુજબ સંગીતાબેન રસોઈ બનાવવા માટે ગયાં હતાં. જ્યારે તેમના પતિ અમદાવાદ જવા નિકળ્યા હતા. એ વખતે તેમનો ૧૭ વર્ષનો દિકરો પ્રિન્સ ઘરે એકલો હતો. ત્યારે ન્હાવા માટે રોજીંદી રીતે હીટરનાં રોડથી ડોલમા પાણી ગરમ કર્યું હતું. બાદમાં પાણી બરોબર ઊકળી ગયા પછી પ્રિન્સ ન્હાવા માટે બાથરૂમમાં ગયો હતો.આ દરમિયાન અચાનક જ ઘરનાં રૂમમાં લગાવેલા સ્માર્ટ ટીવીમાં બ્લાસ્ટ થયો હતો અને આગ લાગી હતી. ઘરમાંથી ભયાનક બ્લાસ્ટનો અવાજ આવતા પ્રિન્સ બાથરૂમમાંથી નીકળીને બહાર દોડી ગયો હતો. જો કે, જોતજોતામાં આગની જવાળામાં સ્માર્ટ ટીવી, ટીપોઈ તેમજ ડ્રેસ મટીરીયલ્સ ભડભડ સળગવા માંડ્યા હતા.

બ્લાસ્ટનો અવાજ સાંભળીને આસપાસના વસાહતીઓ પણ ડરના માર્યા ઘરની બહાર નીકળી ગયા હતા. આ અંગે જાણ થતાં ગાંધીનગર ફાયર બ્રિગેડના ફાયર ઓફિસર કે જે ગઢવી સ્ટાફના માણસો સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને જરૂરી બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4